Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

आत्मानन्दं प्रयाति स्मरणकरणतः श्रीप्रभोर्यत्प्रकाशात्
पुण्यं ज्ञानं ददाति प्रतिदिनमथ यद्वाचनं सज्जनेभ्यः ।
यस्य स्तुत्यप्रयत्नः समुदयकरणे सत्यधर्मे रतानां
'आत्मानन्द प्रकाश' वहतु हृदि मुदं मासिकं तद्बुधानाम् ॥१॥

पु. १७. | वीर सं. २४४६ कार्त्तिक. आत्म सं. २४ | अंक ४ थो.

प्रकाशक– जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


૧ જીનવર સ્તુતિ. ( રા. વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) ... ... ... ૮૫
૨ માનવ ભ્રમરને ઉપદેશ. ( પં૦ અજીતસાગરજી મ૦ ) ... ... ... ૮૬
૩ કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો ( રા. કુબેરલાલ અં. ત્રિવેદી ) ... ... ... ૮૭
૪ આશાની પ્યાસા. ( કવિ સાંકળચંદ ) ... ... ... ... ૯૩
૫ તત્ત્વજ્ઞાનનો સરલ માર્ગ. (મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી). ... ... ... ૯૫
૬ ઉન્નતિ માટે ઉદાર ભાવનાની જરૂર. ( ,, ) ... ... ... ૯૭
૭ જૈન દૃષ્ટિએ મનોવિજ્ઞાન. ( રા. અધ્યાયી ) ... ... ... ...૧૦૦
૮ જીવનની જ્યોત જાગે છે–પદ્ય. ( રા. ફતેહચંદ ઝવેરભાઇ ) ... ... ...૧૦૭
૯ જૈન સમાજની આધુનિક સ્થિતિ. ( રા. માવજી દામજી. ) ... ...૧૦૮
૧૦ સમાજ જીવનનું અધઃપતન. ( રા. ફતેહચંદ ઝવેરભાઇ ) ... ... ...૧૧૦
૧૧ એક ખુલાસો. ( સભા ) ... ... ... ... ... ...૧૧૩
૧૨ વર્તમાન સમાચાર ( પદારોહણ મહોત્સવ ) અને ગ્રંથાવલોકન. ... ...૧૧૪


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા ગ્રાહકોને સૂચના.

# ૧ " શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ. "

### (શ્રી જ્ઞાનસાર–ગદ્ય–પદ્ય અનુવાદ મૂળ સાથે.)

### ૨ " શ્રી કામઘટ કથાપ્રબંધ. "

ઉપરના બંને ગ્રંથો ગયા વર્ષની ભેટ તરીકે અમારા માનવંતા સભાસદોને તેમની પાસે લેણા લવાજમના પૈસાનું વી. પી. કરી મોકલાવેલ છે, જેથી જે જે ગ્રાહકોએ તેની કદર કરી સ્વીકારી લીધું છે તેનો આભાર માનીયે છીયે, પરંતુ કેટલાક પ્રમાદી ગ્રાહકોએ વગર વિચારે વી. પી. પાછું વાળી નાહક જ્ઞાનખાતાને નુકશાન કર્યું છે, જેથી તેઓને વિનંતિ છે કે, ફરી તેમને લવાજમના પૈસા વસુલ કરવા વી. પી. કરી ભેટની બુકો માગશર શુદ ૧૫ ના રોજ મોકલવામાં આવશે જેથી તેઓએ સ્વીકારી જ્ઞાનખાતાના દેવામાંથી મુક્ત થવું. કદાચ ફરી પણ પાછું વાળશે તો લેણું લવાજમ ગમે ત્યારે આપવું પડશે, ત્યાંસુધી જ્ઞાનખાતાના દેવાદાર રહેવું પડશે. અને ભેટની બુકો સીલીકમાં હશે તોજ મળી શકશે જેથી તેઓને સ્વીકારી લેવા નમ્ર સૂચના છે.

## આ સભાના માનવંતા વાર્ષિક સભાસદોને વિનંતિ.

આ સભાના જે જે વાર્ષિક સભાસદો પાસે સભાસદ તરીકેનું જે લવાજમ લેણું છે, તેટલા પુરતું વી. પી. કરી બહારગામના સભાસદોને માગશર શુદ ૧૫ થી ભેટની બુકો ત્રિવાર્ષિક રીપોર્ટ સાથે ભેટ મોકલવામાં આવશે, જેથી સુજ્ઞ સભાસદ બંધુઓએ તે સ્વીકારી લેવા નમ્ર સૂચના છે. દરમ્યાન કાંઇ ખુલાસાની જરૂર હોય તો સભા ઉપર લખી જણાવવું.

આ શહેરના સભાસદોને સભાનો કારકુન તે લવાજમ લેવા અને ભેટની બુકો આપવા તેમની પાસે આવેથી લવાજમ આપી ભેટની બુક લઇ લેવા નમ્ર સૂચના છે.

## નીચેના ગ્રંથો છપાવવા માટે ( ભાષાંતર ) તૈયાર થાય છે.

( પ્રસિદ્ધ કરવા માટે–જ્ઞાનોદ્ધારના કાર્યના ઉત્તેજન માટે સહાયની અપેક્ષા છે ).

૧. **શ્રી દાન પ્રદીપ** ( મહોપાધ્યાય શ્રી ચારિત્રગણી કૃત ) દાનગુણનું સ્વરૂપ ( અનેક કથાઓ સહિત ) જણાવનાર.

૨. **શ્રી મહાવીર ચરિત્ર** ( શ્રી નેમીચંદ્ર સૂરિકૃત ) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે. બારમા સૈકામાં તે લખાયેલ છે. પાટણના ભંડારની તાડપત્રની પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્વ ચરિત્ર છે.

૩. **શ્રી વિમલનાથ ચરિત્ર** ( શ્રી જ્ઞાનસાગરસૂરિ કૃત ) અપૂર્વ ચરિત્ર.

૪. **શ્રી ઉપદેશ સપ્તતિકા** ( શ્રી સોમધર્મગણિ વિરચિત ).

૫. **શ્રી ધર્મપરિક્ષા** ( અપૂર્વ કથાનક ગ્રંથ ).

૬. **શ્રી સંબોધ સપ્તતિ**–શ્રી રત્નશેખરસૂરિ વિરચિત અનેક ધર્મની હકીકતો જણાવનારો ગ્રંથ.

ઉપરના ગ્રંથો રસિક, બોધદાયક અને ખાસ પઠનપાઠન કરવામાં ઉપયોગી છે; તેટલુંજ અને વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા . જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १७ ] वीर संवत् २४४६, कार्तिक. आत्म संवत् २४. [ अंक ४ थो.

## श्री जीनवर स्तुति.

### દ્રુતવિલંબિત.

ભવિજનો રૂપી ક્ષેત્ર વિષે કરે,
શ્રુતજલામૃત કેરી સુવૃષ્ટિ જે;
નિત વધારી લતા સમકિતની,
ભવિકના દુઃખ તાપ બધા હરે. ૧

જગતવ્યોમ વિષે અતિ ગાજતા,
અસીમ જ્ઞાનથી બોધતણા રવે;
વિજયવંત સદાય બનો જગે,
જીનવરા રૂપી મેઘ મહાન તે. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ॐ अर्हं ॥

# માનવભ્રમરને ઉપદેશ.

## દુહા.

સમરૂં પહેલાં સદ્દગુરૂ આણી હેત અપાર,
જેની કૃપાથી જલ્પશે વાણી વિમળ ઉચ્ચાર. ૧
જય ગુરૂ જય ગુરૂ જલ્પજે જીહ્વા વારંવાર,
ષડ્રીપુ સઘ સમાવશે વિણસે વિષય વીકાર. ૨
બહુ વીધ વીધના બાગમાં ભમતો ષટ્પદ સાર,
અનુભવી સરસ સુવાસને કરતો કમળ વિહાર. ૩
પ્રેરીત કાળે કોઇ દિન સુંદર ને સુખકાર,
નિર્મળ જળ પણ અતિ હતું તરૂવર પણ ચોપાર. ૪
પંકજથી પૂરાયલું દેખી રમ્ય તલાવ,
જળ ઉપર બેઠો જઇ લેતો વીધવીધ લાવ. ૫
ચૂસે રસ–રસકસ થઇ–અપૂર્વ ઉર ઉમંગ,
જે જન જ્યાં વિષયાન્ધ તે સંચરતો તે સંગ. ૬
આવે ચદી વિપરીત તે કાર્યતણું પરિણામ,
ત્યાં લગી તે ચેતે નહીં અંતે નહીં અભીરામ. ૭
એ અવસર રવિ આથમ્યો કીધી પ્રભા નીજ બંધ,
તો પણ તે સમજ્યો નહી નિશ્ચયનયથી અંધ. ૮
દેવાલયમાં દેવના થયા ઘંટ ઘાંઘાટ,
જય જય શબ્દ થયા ઘણા ઉન્નતિ ગુણના ઘાટ. ૯
બીચ બીચામાં સર્વ ત્યાં ક્રમે એકથી એક,
બીથ્યા ઘડવા લાગીઓ ઘટમાં ઘાટ અનેક. ૧૦

## હરિગીત છંદ.

સહુ પદ્મ પ્રાતઃકાળમાં શોભા ખીલીને પામશે,
સવિતા તણી પણ પૂર્વમાં કંઇ કનક રશ્મી જામશે;
જે વાર આ સંસારે સરવે પ્રાણીઓ આનંદશે,
તે વાર થઇ તઇયાર આ ષટ્પદ અહીંથી ઉડશે. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીચાર કરતાં એટલો રે હસ્તી ઉન્મત્ત આવીઓ,
ભાવી તણાજ પ્રસંગમાં તે પદ્મ આસ ઉઠાવીઓ;
મરતાં ભ્રમર બોલ્યો અરે? કીધું કંઈ શુભ મ્હેં નહીં,
એ રીત વદતાં પ્હેલતો કરી ઉદરે પ્હોચ્યો જઈ. ૧૨

દુહા. મૂઢ મતીના માનવી કરવા લાગ્ય તપાસ,
સમજાવું બહુ વાર છું નહીંતર થઈશ નીરાશ. ૧૩
ભ્રમર તું જાતે અને સરવર વિશ્વ સુજાણ,
વિશ્વ વિલાસો પેખતાં ઉમ્મર જાય અજાણ. ૧૪
જાણ હસ્તિ તે કાળ છે આવી આ તન ખાય,
છેવટ ગદ્‌ગદ્ બોલતો કરવો કેમ ઉપાય? ૧૫
એ માટે હે મનુષ! તું કર આત્માની ખોજ,
સદ્‌ગુરૂજીના શરણ જઈ રળ આતમધન રોજ. ૧૬

લેખક—પં૦ શ્રી અજીતસાગરજી.

# કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો.

## પદ્યાત્મક ભાષાંતર સહિત.

રચનાર—શ્રીયુત કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી—ભાવનગર..

(ગતાંક પૃષ્ટ ૬૦ થી ચાલુ).

**नैवाकृतिः फलति नैव कुलं न शीलं, विद्यापि नैव न च यत्नकृतापि सेवा।**
**भाग्यानि पूर्वतपसा किल संचितानि, काले फलन्ति पुरुषस्य यथैव वृक्षाः॥**

( પુષ્પિતાગ્રા. )

ન કુલ ન શીલ આકૃતિ ન સેવા, ન ભણતરો જ ફળે અપૂર્વ જેવા;
કઈક જનમના ભરેલ જે જે, તરૂસમ ભાગ્ય ફળે સમે જ તે તે.

**यथा हि पथिकः कश्चि–च्छायामाश्रित्य तिष्ठति।**
**विश्रम्य च पुनर्गच्छे–त्तद्वदभूत् समागमः॥**

( અનુષ્ટુપ. )

છાયા તળે ઘડી બેસી, પડે પંથે મુસાફરો;
આ સંસારે ગણો એવો, સંબંધ સહુનો નરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सुलभाः पुरुषा राजन् ! सततं प्रियवादिनः ।
अप्रियस्य च पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः ॥

( ગીતિ. )

મધુર વચન વદનારા, આ જગમાં જન ઘણા જડે જોતાં;
કડવું પણ હિતકારી, કે'નારા નર અલભ્ય તેમ શ્રોતા.

पतितः पशुरपि कूपे निःसर्तुं चरणचालनं कुरुते ।
धिक् त्वां चित्तभवाब्धेरिच्छामपि नो बिभर्षि निःसर्तुम् ॥

( ગીતિ. )

પશુ પણ પડે કૂપે, ચરણ હલાવે બાહાર નીસરવા;
ધિક્ તુને મન મારા, ઈચ્છા પણ ના કરે ભવામ્બુધિ તરવા.

सुभाषितेन गीतेन युवतीनां च लीलया ।
मनो न भिद्यते यस्य स योगी ह्यथवा पशुः ॥

( દોહરો. )

યુવતીની લીલા અને, શ્રેષ્ટ કાવ્ય રસયૂત;
જેથી મન ભેદાય ના, તે યોગી કાં ભૂત.

संपत्सु महतां चित्तं भवत्युत्पलकोमलम् ।
आपत्सु च महाशैल–शिलासंघातकर्कशम् ॥

( દોહરો )

સજ્જનનું મન સંપત્તિમાં, કોમલ કમલ સમાન;
આપત્તિમાં ગિરિતણી, કઠણ શિલા સમ જાણ.

इतरकर्मफलानि यदृच्छया वितरतानि सहे चतुरानन ! ।
अरसिकेषु कवित्वनिवेदनं शिरसि मा लिख मा लिख मा लिख ॥

( ઉપજાતિ. )

લેખો બીજા તું અતિ દુઃખદાતા, ઈચ્છા પ્રમાણે લખ હે વિધાતા;
પરંતુ ભાલે ન લખીશ એવું, રસહીનની પાસ કવિત્વ કે'વું.

—ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઉતાવળ વિનાશનું કારણ છે.

## ( કોઇ પણ કાર્ય ઉતાવળથી કરવું નહિ )

**सहसा विदधीत न क्रियाम विवेकः परमापदां पदम् ॥**

લે૦-વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ.

ઉતાવળ કરવાથી સંસારમાં કોઇ પણ કાર્ય ઠીક થતું નથી અને સારાં સારાં કાર્યો પણ બગડી જાય છે. ઉતાવળ કરવાથી ગભરાટ ઉત્પન્ન થાય છે અને ગભરાટથી સફલતા દુર રહે છે. આથી ઉલ્ટું, શાંતિ અને ધૈર્યથી કાર્ય કરવાથી કઠિનમાં કઠિન કાર્યો પણ સરળ બની જાય છે. આનું પ્રત્યક્ષ ઉદાહરણ પ્રકૃતિ છે. પ્રકૃતિમાં હમેશાં સઘળાં કાર્યો ધીમે ધીમે જ થયા કરે છે. પ્રકૃતિના કાર્યોમાં કોઇ પણ ઠેકાણે ઉતાવળ દૃષ્ટિગોચર થતી નથી. પ્રત્યેક કાર્યમાં એકજ નિયમ અને વ્યવસ્થા હોય છે અને શાંતિ તથા વિશ્વાસ માલુમ પડે છે. ઉતાવળ અને ગભરાટનું નામનિશાન પણ એમાં જોવામાં આવતું નથી. જ્યારે કાર્યમાં કોઇ જાતનો ઢંગ અથવા વ્યવસ્થા હોતી નથી ત્યારે જ ઉતાવળ અને ગભરાટ જોવામાં આવે છે. તે સમયે ધીમે ધીમે અશાંતિનું જોર વધતું જાય છે. ઉતાવળથી દુનિયામાં અનેક મોટાં કાર્યો અપૂર્ણ રહી ગયા છે. કોઇ કાર્યની સફળતા માટે એ જરૂર નથી કે એ કાર્યમાં ઘણાં માણસોએ જોડાવું જોઇએ, પરંતુ ફક્ત એટલીજ જરૂર છે કે તે કાર્ય વ્યવસ્થાસર કરાવું જોઇએ. કદાચ કોઇ કાર્યમાં ઘણાં માણસો જોડાય પરંતુ કામની વ્યવસ્થા ન હોય તો પરિણામ એ આવશે કે ઉક્ત કાર્ય બગડશે. ઉતાવળથી કદિ પણ વાસ્તવિક કાર્ય બજાવી શકાતું નથી.

કોઇ પણ કાર્ય શીઘ્રતાથી કરવું એ જુદી વાત છે અને ઉતાવળથી કરવું એ જુદી વાત છે. કોઇ પણ કાર્ય કરવામાં શીઘ્રતા તો અવશ્ય હોવી જોઇએ, કારણકે સુસ્તી અને આલસ્ય તો નાશનાં કારણો છે; પરંતુ ઉતાવળ ન હોવી જોઇએ. શીઘ્રતામાં ઢંગ અથવા નિયમ અવશ્ય રહે છે, અને ઉદ્દેશ એ હોય છે કે કાર્ય કોઇપણ રીતે સત્વર પુરૂં થઇ જાય. શીઘ્રતામાં એકજ માર્ગ નિશ્ચિત હોય છે અને એ માર્ગ પર ગમન શરૂ રહે છે, પરંતુ ઉતાવળમાં અનેક માર્ગો ઉપર દૃષ્ટિ રહે છે અને એવો ખ્યાલ રહે છે કે જો એક માર્ગ ઠીક નહિ નીકળે તો બીજો નીકળશે અને એ પણ ઠીક નહિ નીકળે તો ત્રીજો માર્ગ ઠીક નીવડશે એ પ્રમાણે ઘડી અહિં અને ઘડી ત્યાં એમ હામાડોળ થયા કરે છે. આનું પરિણામ એ આવે છે કે મનુષ્ય નિષ્ફળતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્ત કરે છે. ઉતાવળ કરનારા માણુસોને આ વાતનો અનુભવ નથી હોતો કે જે કાર્ય ધીમે ધીમે સાવધાનતાથી કરવામાં આવે છે તે બધા કરતાં જલ્દી પુરૂં થાય છે, પરંતુ જે કાર્ય સમજણુ વિના જલ્દી જલ્દી કરવામાં આવે છે તે પુરૂં થવામાં અતિશય વિલંબ થાય છે.

ઉતાવળથી કાર્ય કરવામાં દરેક વસ્તુનું ભારે મૂલ્ય આપવું પડે છે અને તે વસ્તુ ફરી પણ હાથ લાગી શકતી નથી. ધન પ્રાપ્ત કરવાની ઉગ્ર લાલસાને લઇને મનુષ્ય સમયનો દુરૂપયોગ કરે છે અને પોતાના ઘરબાર, બળ, સ્વાસ્થ્ય, આમોદ પ્રમોદ, આદર સન્માન આદિ સઘળું ગુમાવી બેસે છે. આ એવી વસ્તુઓ છે કે જે દ્રવ્યથી ખરીદી શકાતી નથી. દ્રવ્યની અભિલાષામાં આ સર્વ વસ્તુઓ ચાલી જાય છે અને ફરી હાથમાં આવી શકતી નથી. મનુષ્ય અત્યંત બુદ્ધિમાન અને વિચારવાન છે તોપણુ ક્ષણિક વસ્તુઓ મેળવવા જતાં અમૂલ્ય વસ્તુઓ ગુમાવી બેસે છે એ શોચનીય ઘટના છે. વેપારી માણસો ઘણે ભાગે પોતાના કુટુંબના ભાવિ સુખની ખાતર દ્રવ્ય સંચય કરવા જતાં પોતાનાં વર્તમાન સુખ અને સ્વાસ્થ્યમાં ન્યૂનતા અનુભવે છે. તેઓ એમ સમજે છે કે હમણાં ભલે સુખ ન મળે, હમણાં તો પુષ્કળ દ્રવ્યસંચય કરી લઇએ અને ભવિષ્યમાં આનંદથી રહેશું. પરંતુ આ માન્યતા ભૂલ ભરેલી છે. તેઓ જાણુતા નથી કે કેવળ દ્રવ્યથી જ મનુષ્યો સર્વદા સુખ ભોગવી શકતા નથી. પોતાના કુટુંબિઓ આનંદથી રહી શકે એટલા માટે એટલું જ જરૂરનું નથી કે તે તેઓની જરૂરીયાતની વસ્તુઓ ખરીદી લાવી આપે. પરંતુ પરસ્પર પ્રેમની લાગણી ખીલવવી જોઇએ અને હળીમળીને આનંદથી રહેવું જોઇએ, કેમકે પરસ્પર વાર્તાવિનોદથી અસીમ આનંદનો અનુભવ થાય છે. જો મનુષ્ય રાત્રિદિવસ દ્રવ્ય એકત્રિત કરવામાં મંડ્યો રહે અને તેને પોતાના બાળબચ્ચાંઓની સાથે બોલવાનો પણ સમય ન મળી શકે તો તે ખરેખરો આનંદ કેવી રીતે અનુભવી શકે? સંસારમાં એવા હજારો મનુષ્યો દૃષ્ટિગોચર થાય છે કે જેઓ રાત્રિદિવસ ટ્રામવેના ઘોડાની માફક પૈસો કમાવામાં સર્વ શક્તિ અને સમયનો ઉપયોગ કરે છે. પોતાનાં બચ્ચાંઓને રમાડવાને, પોતાની સ્ત્રી સાથે નિરાંતે વાર્તાલાપ કરવાને અથવા પોતાની માતા બ્હેન અથવા ભાઇઓને મળવાને તેઓ એક સેકંડ પણુ બચાવી શકતા નથી. આ પ્રકારના મનુષ્યોનું જીવન ક્યાં સુધી ઉપયોગી અને આનંદમય ગણી શકાય એ સમજી શકાતું નથી. આ લોકો કયા દિવસને માટે આટલી બધી હાયવોય કરી રહ્યા છે તે સમજી શકાતું નથી. તેઓનું જીવન આ પ્રમાણે વ્યતીત થઇ જશે અને સર્વ ધનધાન્ય, રિદ્ધિ–સિદ્ધિ અહીંજ પડી રહેશે. તેઓને ગૃહસુખનો વિચાર સ્વપ્નમાં પણુ નથી આવતો અને તેઓને ગૃહસુખ કદિ પણુ મળશે નહિ. જોકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ આ બધો પરિશ્રમ ભવિષ્યની ખાતર ઉઠાવે છે. પરંતુ એ ભવિષ્ય ક્યારે આવશે તેનું તેઓને પોતાને બિલકુલ જ્ઞાન હોતું નથી.

કોઇ ઇચ્છાની પૂર્તિ કરવા માટે અથવા જીવનના કોઇ સ્વપ્નને વાસ્તવિક બનાવવા માટે પ્રાયઃ લોકો પોતાની ઇજ્જત, સચ્ચાઇ, અને ઉદારતાને બરબાદ કરી મુકે છે. દ્રવ્ય લૂંટવાની ધૂનમાં મહમદ ગીઝનીએ એ ન જોયું કે મારી જબરદસ્તીથી હજારો હિંદુઓના મરણ પામ્યા અને લાખો મનુષ્યોના હૃદયમાં વેદના ઉત્પન્ન થઇ.

આજકાલનો સમય જ મોટી ઉતાવળનો થઇ પડયો છે એમ આપણને ચારે તરફ દૃષ્ટિ ફેરવતાં પ્રતીત થાય છે. લોકો એટલા બધા ઉતાવળા બની ગયા છે કે પ્રકૃતિના કાર્યોમાં પણ વિલંબ જોઇને ત્વરાથી કાર્ય પતી જાય એમ ઇચ્છે છે. પ્રકૃતિમાં કોઇ ફૂલ દશ દિવસમાં પાકે એમ હોય તો તેઓ કંઇક નવીન ક્રિયાથી તેને બે દિવસમાં પકાવવા ઇચ્છે છે અને જેવું તેવું પકાવી ચલાવી લે છે. જેમ માતા પોતાનાં બાળકને ઘુંટણીએ ચાલતા જુવે છે તેમ પ્રકૃતિ મનુષ્યને જુવે છે.

આધુનિક શિક્ષણપદ્ધતિ ઉતાવળનું એક સારૂં ઉદાહરણ પુરૂં પાડે છે. બાળકોને જે શિક્ષણ આપવામાં આવે છે તેનાથી તેઓને વાસ્તવિક જ્ઞાન થાય એ અસંભવિત છે. તેઓનાં મગજમાં કેવા કેવા પ્રકારના વિચારો જબરદસ્તીથી ઠાંસી દેવામાં આવે છે. જે વિષયોના શિક્ષણની આવશ્યકતા છે તેનો તો પત્તો પણ નથી, પરંતુ અનેક વ્યર્થ બાબતો શીખવવામાં આવે છે. જે વાતોથી બિચારાં બાળકોના મસ્તક ભરવામાં આવે છે તે તેઓ બિલકુલ સમજતા નથી, તો પણ ઠાંસવાનું કાર્ય ચાલુ રાખવામાં આવે છે. સ્થૂલ દૃષ્ટિએ જોતાં તો કોઇ પ્રકારની હાનિ માલુમ પડતી નથી, પરંતુ જ્યારે અમુક સમય સુધી પદ્ધતિનું અવલોકન કરવામાં આવે છે અને તેના લાભાલાભ પર વિચાર કરવામાં આવે છે ત્યારે આપણને સમજાય છે કે એ પદ્ધતિ સર્વથા હાનિકારક છે. આ પદ્ધતિ હવે વધારે વખત સુધી ચાલુ રહે એ ઇષ્ટ નથી, તેથી તે તત્કાળ બંધ કરવાની જરૂર છે. કારણ કે એનાથી વાસ્તવિક જ્ઞાન થતું નથી, માત્ર બાળકોના મસ્તક ભિન્ન ભિન્ન વાતોના પટારા સમાન બની જાય છે. આજકાલ શિક્ષણ આપવામાં ભારે ઉતાવળ કરવામાં આવે છે. આ ઉતાવળનું પરિણામ એ આવ્યું છે કે બાર વર્ષ પર્યંત શિક્ષણ લેવા છતાં સારી પદ્ધતિથી છ વર્ષમાં જેટલો વિકાસ થાય તેટલો પણ થતો નથી. આટલા વર્ષો સુધી શિક્ષણ લેવા છતાં અંગ્રેજી ભાષામાં તો દૂર રહ્યું પરંતુ વિદ્યાર્થીઓ પોતાની માતૃભાષામાં એક પત્ર પણ શુદ્ધ લખી શકતા નથી. આટલા બધા સમયમાં પણ જ્યારે માણસ સુશિક્ષિત બનતો નથી ત્યારે એમજ કહેવું પડશે કે શિક્ષણ પદ્ધતિમાં ક્યાંક સડો હોવો જોઇએ. પુસ્તકો વાંચી વાંચીને શરીર કમજોર બની જાય છે, આંખોનું તેજ ઘટી જાય છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વાસ્થ્ય બગડી જાય છે, મસ્તકમાં પીડા થવા લાગે છે, પાચનશકિત બગડી જાય છે તોપણ કંઇ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. સાધારણ બાબતોમાં પણ ન્યૂનતા રહી જાય છે. આ સર્વનું મુખ્ય કારણ વિચાર કરતાં એ જણાશે કે આજકાલ સર્વ વાતોમાં એટલી બધી ઉતાવળ કરવામાં આવે છે કે બાળકો સમજે વા ન સમજે પણ આટલાં પુસ્તકો પૂર્ણ કરી દેવાં જોઇએ એ પરજ લક્ષ રહે છે. બાળકો પણ મજબૂત બનીને ગોખવાનું શરૂ કરી દે છે અને સ્વાસ્થ્યના ભોગે પ્રમાણપત્ર અને ઉપાધિઓ પ્રાપ્ત કરે છે. આ સર્વનું પરિણામ એ આવે છે કે તેઓ જીવનની પરીક્ષામાં અનુત્તીર્ણ બને છે અને તેઓને નિરાશાની વેદના સહન કરવી પડે છે.

ઉતાવળ શાંતિ અને ગુણગૌરવનો નાશ કરનાર વસ્તુ છે. ઉતાવળ કરવાથી જે સભ્ય અને સરળ વ્યવહાર પહેલાં રહે છે તે આગળ ઉપર રહેતો નથી, શરીર-સ્વાસ્થ્યનું પણ ધ્યાન રહેતું નથી, અને કેટલીક વખત વાત એટલી બધી હદે પહોંચે છે કે લોકો ભોજન પણ નિરાંતથી રૂડી રીતે કરતા નથી. લોકોને ધન કમાવાની એટલી બધી ઉતાવળ લાગી રહેલી હોય છે કે ખાધેલું કેવી રીતે પચશે એ વિચાર કર્યા વગર તેઓ ખાવાની વસ્તુઓને પેટમાં પધરાવી દે છે. આનું પરિણામ એ આવે છે કે સેંકડો મનુષ્યો અજીર્ણ, અ[illegible]ચો અને મંદાગ્નિથી પીડાય છે, અને ઘણાં ખરા તો મરણ શરણ થાય છે. ઉતાવળમાં મનુષ્ય આ વાત પણ ભૂલી જાય છે કે આ સંસારમાં ફકત મનુષ્યજ એવો જીવધારી છે કે જે સાવધાનતાથી ભોજન કરી શકે છે અને અન્ય પ્રાણીઓ તો કેવળ પેટ ભરે છે. આમ બને છે એટલે મનુષ્ય પણ અન્ય જીવોની કોટિમાં આવી જાય છે અને તેઓની જેમ માત્ર પેટ ભરવાવાળો બને છે. ભોજન કરવામાં કુદરતના નિયમોનો ભંગ કરવામાં આવે છે ત્યારે કુદરત માંદગીરૂપી શિક્ષા કર્યા વગર રહેતી નથી. આ માંદગી સૂચવે છે કે તમારાથી ભૂલ થઇ ગઇ છે; પરંતુ આહારવિહારની રીતિમાં સુધારો કરવાને બદલે મનુષ્ય ઔષધિનું સેવન કરવા લાગે છે. આ બીજી ભૂલ છે અને એનું કારણ પણ ઉતાવળ છે. ઉતાવળ કરવાથી નિર્બલતા વગર બોલાવ્યે આવે છે.

જીવનમાં જે જે બાબતો મહત્વની હોય છે તે ધીમે ધીમે બને છે. કોઇ પણ કાર્ય જેટલું ઉચ્ચ, ઉદાર, ઉત્તમ અને પવિત્ર હોય છે તેટલુંજ ધીમે ધીમે પરંતુ અખંડ સફલતાથી બજાવી શકાય છે. વર્ષાઋતુમાં અનેક જીવજંતુઓ જેટલી શીઘ્રતાથી ઉત્પન્ન થાય છે તેટલી જ શીઘ્રતાથી તેઓ અદૃશ્ય પણ થઇ જાય છે. જુઠી વાતો જલ્દી ફલિત થાય છે, પરંતુ જલ્દી નષ્ટ થઇ જાય છે. ગૂઢ દર્શન ધીમે ધીમે બને છે, પરંતુ સૈકાઓ પછી સિદ્ધ થાય છે. તમને એમ વિશ્વાસ હોય કે તમે જે જે કરો છો તે સર્વ સારૂં છે તો પછી કોઇ પણ માણસનાં કહેવા ઉપર લક્ષ ન આપો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારા પોતાના ઉદ્દેશ્યને વળગી રહો. તેમાંથી જરાપણ વિચલિત ન થાઓ. ધીમે-ધીમે સંપૂર્ણ શાંતિ પૂર્વક કાર્ય કરવાનું શરૂ રાખો. તમને અવશ્ય સફલતા મળશે અને તમારા શ્રમનું ફલ ચાખવા ભાગ્યશાળી થશો. કાલે પ્રભાતમાં સૂર્યનો ઉદય થશે એવી આશાથી જેવીં રીતે ઘોર અંધારી રાત્રિ સહી શકાય છે તેવી રીતે તમારા માર્ગમાં મુશીબતો આવે તો તે સર્વને ધીરતા પૂર્વક સફલતાની આશા રાખીને સહન કરો.

પોતાના જીવનમાંથી ઉતાવળ શબ્દનો સર્વથા નાશ કરવાની પ્રત્યેક વ્યક્તિને માટે પુરેપુરી જરૂર છે. જે ઉતાવળથી ધન દોલતનો વિનાશ થાય છે અને આબરૂને બટ્ટો લાગે છે તેનો એકદમ બહિષ્કાર કરવા જોઇએ. આપણે આપણા પોતામાં પ્રેમ, શાંતિ અને ધૈર્ય ઉત્પન્ન કરવા જોઇએ, હમેશાં સમસ્ત જીવોનો ઉપકાર કરવા તરફ દૃષ્ટિ રાખવી જોઇએ અને સર્વ કષ્ટોને વીરતાથી સહન કરવા જોઈએ. દુષ્ટ દુરાચારી મનુષ્યોની ઉન્નતિ જોઇને અથવા લોકોમાં ઇર્ષ્યા દ્વેષનું પ્રાબલ્ય વધતું જોઇને આપણે આપણી પોતાની શાંતિનો કદાપિ ભંગ કરવો જોઈએ નહિ. કદાચ કોઇ કાર્યમાં વિલંબ થાય, અથવા સફલતા ન મળે અથવા કોઇ પ્રકારનો વિરોધ ઉપસ્થિત થાય તો પણ કદાપિ ચિત્તમાં અપ્રસન્નતા અને ચિંતાને સ્થાન આપવું જોઇયે નહિ; પરંતુ ધીરતા અને વીરતાથી આપણા ઉદ્દેશ્યને દૃષ્ટિ સમીપ રાખીને તેની સિદ્ધિઅર્થે નિરંતર ઉદ્યોગ પરાયણ રહેવું જોઇએ.

છેવટે પ્રત્યેક મનુષ્યોએ આ વાત પોતાના હૃદયપટપર લખી રાખવી જોઈએ કે ઉતાવળ સત્યતાની પૂર્ણતા અને આદર્શ ભક્તિની ઘાતક છે અને આપણા જીવનની વિનાશક છે. તેથી તેનો સંદતર બહિષ્કાર કરીને તેના સ્થાનમાં ધૈર્ય અને શાંતિનું સ્વાગત કરવું એ આપણું સર્વોપરિ કર્તવ્ય છે.

# આશાની પ્યાસા.

## રાગ–સિંહાનો કનરો.

આશા ગગન પતાલમેં દોડી, જ્યોત ગઇ રહી ઉમ્મર થોડી. આશા. ટેક.
ધન ધરા સુત દારાકી આશા, આશા ઓરકી કોઈએ ન છોડી. આશા. ૧
તાપ સીત સહી દેહ પ્રજાલત, ભાગ્ય બિના ન જડે કછુ કોડી. આશા.
કલ્પ વિકલ્પસેં ચિતત મનમેં, લખપતિ બન કરૂં ભૂપસેં હોડી. આશા. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચલત ચલત આગે ચલી આશા, પિછે હુઠા મનજી હઠ છોડી. આશા.
ધરતી કીસે' જને આભ પિછોડી, તૃષ્ણાકી સોડ સમાણી ન ચોડી. આશા. ૩
આશાકે દાસ હે છોટે મોટે, રહે સબ આશાસેં દો કર જોડી. આશા.
કમલ કોષમેં ભ્રમર બિડા જબ, આશા કે પાસસેં જીંદગી છોડી. આશા. ૪
નિંદ તજી અપ્પા અબ જાગો, ભોર ભયો રજની રહી થોડી. આશા.
સાંકલચંદ સંતોષ છુરીસેં, કાટ લે આશાની ફાંસીકી દોરી. આશા. ૫

# તત્ત્વજ્ઞાનનો સરલ માર્ગ—સદ્બોધ સંગ્રહ.

( લેખક—સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી. )

૧ સૂકાન વગરના વહાણુની પેરે, નિશ્ચિત દિશા વગરની ગતિની પેરે અને લક્ષ વગરના બાણુની પેરે આપણું જીવન નકામું-નિષ્ફળ છે. પવિત્ર હેતુ વગરનું જીવન જ્યાં ત્યાં જગતમાં અથડાવામાં કૂટાતાં પીટાતાં પૂરૂં થાય છે ને ધૂળમાં રોળાય છે.

૨ જો આપણો જીવન–હેતુ પવિત્ર હોય અને તે સિદ્ધ કરવા આપણું મન મજબૂત હોય તો ગમે તેવા મોટા વિઘ્નો પણ વટાવી શકાય, એટલું જ નહિ પણ તે બધું પ્રસન્નતાથી ( હસતે મુખે ) લગારે દીનતા વગર કરી શકાય. કહો કે આપદા તેજ સંપદારૂપે થઇ આવે.

૩ પૂર્વભવના સંસ્કારથી કે સદ્ગુરૂની કૃપાથી કોઈ સદ્ભાગી જીવને સહેજે સમજાય છે કે તલવાર મ્યાનમાં છતી, જેમ તેનાથી ન્યારી–જૂદી કરી શકાય છે, અરે ! વસ્તુતઃ તે ન્યારીજ છે તેમ શરીરમાં રહેલો ચેતન–હંસ પણ તેથી ન્યારો જ છે.

૪ વસ્ત્રો જીર્ણ થાય છતાં તેનો ભોગ કરનાર શરીર જીર્ણ નથી થતું, તેમ શરીર અનેક વાર ધારણ કર્યા છતાં તેનો ભોગી ચેતન જીર્ણ–ઘરડો થતો નથી, જેમ નવાં જૂનાં વસ્ત્રનાં જૂદા જૂદા પર્યાય છે તેમ શરીરઆશ્રી જાણવું. ચેતન દ્રવ્ય તો અખંડ ગમે તે ગતિમાં કે સ્થિતિમાં જેવું ને તેવું બન્યું રહે છે. એમ સમજનારા જ્ઞાની પુરૂષો આ અદ્ભુત નાટક નિજ નજરે જોતા છતા તેમાં મુંઝાયા વગર, નિર્મળ જ્ઞાન–દર્શન–ચારિત્રમય નિજ સ્વરૂપનું અવલંબન કરી રહે છે.

૫ થોડું પણ તત્ત્વજ્ઞાન–આત્મજ્ઞાન પ્રગટયું હોય તે આત્મશ્રદ્ધા–પ્રતીતિ-યુક્ત હોઈ, આત્માનો ઉદ્ધાર કરવા સામર્થ્ય ધીરે છે. સતચારિત્રના બળથી સર્વ કર્મકટકને છિન્નભિન્ન કરીને આત્મા અવિનાશી મોક્ષપદને પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ નિજ ચેતનને જાગ્રત કરે એવું એક પણ તત્ત્વવચન કલ્યાણકારી છે, તેવાં જ તત્ત્વ વચન અધિક અભ્યાસાય તેમ અધિક લાભ છે. બાહ્ય આડંબરી જ્ઞાનથી કશું વળતું—વળવાનું નથી. અન્તે કાચ તે કાચ જ અને હીરો તે હીરો જ છે.

૭ પોતાની ભૂલ પોતે જ જોઇને સુધારી શકે અને બનતાં સુધી તો ભૂલ થવા ન દે એવું આત્મશાસન કરવા સામર્થ્ય ન પ્રગટે ત્યાંસુધી સન્માર્ગ દાતા અને ત્રાતા ગુરૂના ચરણથી વેગળા રહેવામાં હિત નથી જ. છતાં જેઓ છુટા પડી નિજ છંદે ચાલવા મન કરે છે અને ચાલે છે તેમના 'વાડામાંથી પાડુ એક' ની જેમ ભૂંડા હાલ થાય છે.

૮ આત્મજ્ઞાનરૂપ ચક્ષુ વગરના જીવો ચહાય તો સાધુ હોય કે ગૃહસ્થ હોય તેનાથી પગલે પગલે સ્ખલના થાય છે—અતિચારાદિક દોષો લાગે, વિષય વિકાર જાગે, કષાયનું જોર તેવાં નિમિત્ત મળતાં વધે, માદક પદાર્થ સેવવા મન થાય, નિદ્રા—આલસ્યની વૃદ્ધિ થાય અને વિકથા કરવામાં કે સાંભળવામાં રસ લાગે. તેવાં દરેક દુઃખદાયી પ્રસંગે દયાળુ સદ્ગુરૂ વગર અને તેમની હિતશિક્ષા વગર તેનું કોણ નિવારણ કરે ? અહા ! સ્વચ્છંદતા જ બધો દહાડો વાળે છે.

૯ ઘણુંજ ભણવાનો આગ્રહ નથી પણ રાજહંસની જેમ સાર વિવેકયોગે થોડું પણ રૂડું કલ્યાણકારી ભણી ગણીને આદરી લેવાય એટલે બસ. શુદ્ધ શીલ—નિર્મળ આચરણ આજ લક્ષ સહિત મળેલું જીવન ભવસાગરથી પાર ઉતારનાર છે.

૧૦ જે જ્ઞાનથી આપણી મલીન વાસનાઓ—રાગ દ્વેષ કષાય પરિણામ દૂર થાય તે તત્ત્વજ્ઞાન જ પ્રમાણ.

૧૧ સૂર્યનો ઉદય થતાં અંધકાર ટકી ન શકે તેમ ખરૂં આત્મજ્ઞાન પ્રગટ થયે રાગાદિક વિકાર પણ દૂર થાય જ.

૧૨ સાંકડું—સંકુચિત હૃદય વિશેષે મારૂં તારૂં ગણે છે. જેમ જેમ ગુરૂકૃપાથી અંતરમાં સત્ય જ્ઞાનનો પ્રકાશ પડતાં રાગદ્વેષ મમતાદિક વિકારો અકળાઇ જઇ મન મોટું થાય છે—હૃદય વિશાળ થાય છે તેમ તેમ અંતરમાં ઉદાર ભાવના સ્ફુરે છે, સાચી શ્રદ્ધા પ્રગટે છે અને ખોટો ભય દૂર થાય છે. તત્ત્વજ્ઞાનથી જ જીવન ઉદાર અને રસિક બનતું જાય છે.

૧૩ સત્સંગાદિક સાધન વડે સ્વજીવન ઉચ્ચ—ઉદાર અને રસિક ને શ્રદ્ધાળુ બનાવવું એજ સહુથી વધારે જરૂરનું છે.

૧૪ જેને આત્માનું—આત્મઋદ્ધિનું યથાર્થ ભાન થયું હોય તેને અન્ય સઘળું બાળલીલા જેવું જણાઇ આવે છે.

૧૫ જે નિજ સ્વરૂપમાં જ મગન ( મદમસ્ત ) બની રહે છે તેને પર—પુદ્ગલિક વસ્તુમાં રતિ—પ્રીતિ થતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૬ અનંત જ્ઞાનાદિક ઐશ્વર્ય પ્રાપ્તિને આ દુનીઆના વિવિધ ખેલ ઇન્દ્રજાળ જેવા અથવા બાજીગરની બાજી જેવા અસાર લાગે છે.

૧૭ આત્માની જ્ઞાનાદિક ઋદ્ધિ જાતિવંત રત્નની જ્યોતિ જેવી કાયમ રહે એવી છે, જ્યારે જડ દ્રવ્યાદિક ઋદ્ધિ માંગી લાવેલા ઘરેણા જેવી અસ્થિર છે. પુન્ય યોગે પ્રાપ્ત થયેલી દ્રવ્યસંપત્તિ સાંયોગિક હોવાથી અમુક અવધિએ અવશ્ય તેનો વિયોગ થાય છેજ એમ ચોક્કસ સમજી શકનારા તેમાં નહીં મુંઝાતાં આત્માની સ્વાભાવિક જ્ઞાનાદિક ઋદ્ધિને પ્રાપ્ત કરી લેવા આદર સેવે છે.

૧૮ દ્રવ્યસંપત્તિ પેદા કરતાં અને તેને સાચવતાં અનેક જાતના સંકલ્પ વિકલ્પ ઉઠે છે ત્યારે સત્ય જ્ઞાનાદિક ઋદ્ધિ પ્રાપ્ત થતાં તે સર્વે જોતજોતામાં વિલાઇ જાય છે. સંકલ્પ-વિકલ્પની પરંપરાથી અસ્થિરતા-અશાન્તિ ઉપજે છે અને નિર્વિકલ્પપણાથી ખરી સ્થિરતા-શાન્તિ પ્રગટે છે અને તે કાયમ બની રહે છે. સમતા રૂપ સામાયકનો દ્રઢ અભ્યાસ રાખવાથી અનુક્રમે આત્મશાન્તિમાં વધારોજ થાય છે. તેનો અનાદર કરી અનેક પ્રકારની પ્રાપંચક ઉપાધિઓનોજ આદર કરવાથી તો ખરી શાન્તિથી વિમુખ જ થવાય છે.

૧૯ ખરી જ્ઞાનદ્રષ્ટિ જાગ્રત થતાં, દુષ્ટ તૃષ્ણાનું જોર પણ નરમ પડી જાય છે, પછીજેની તેની દીનતા કરવાની ગરજ રહેતી નથી.

૨૦ તૃષ્ણાતુર કૃપણ જનો જેની દિનરાત ઇચ્છા-અભિલાષા કર્યા કરે છે તેવી જડ સંપત્તિ જ્ઞાની પુરૂષને ખરેખર ઉપેક્ષા કરવા યોગ્ય છે.

૨૧ સત્ય સંતોષ વડે વિષય તૃષ્ણાદિકને તજે છે તે ખરી શાન્તિને અનુભવે છે. ઇન્દ્ર ચક્રવર્ત્યાદિક એવી શાન્તિથી બેનશીબ રહે છે.

૨૨ વિષય તૃષ્ણાદિક દુષ્ટ વાસનાને વશ થઇ જતાં ગમે તેવા સાધુ-યોગી-સંન્યાસી સહજ સ્વાભાવિક સુખથી ભ્રષ્ટ થઇ જાય છે.

૨૩ મૃગજળ જેવાં કલ્પિત ક્ષણિક સુખ પુનઃ પુનઃ સેવતા છતાં સંતોષ વળતો નથી. આત્મસંતોષી સાધુ ઇન્દ્રથી પણ અધિક સુખી છે.

૨૪ આત્મા ઉપરના અજ્ઞાન, ભ્રાન્તિ, અવિશ્વાસાદિક વાદળાં વેરાઇ જાય છે ત્યારેજ તેના ખરા રૂપમાં પ્રકાશે છે-ઝળકી નીકળે છે.

ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપણી સામાજિક નૈતિક તથા આધ્યાત્મિક ઉન્નતિ સાધવા માટે સંપ તથા એકતા ( HARMONY ) દ્રઢ પાયે સ્થાપવા આપણ સહુમાં ઉદાર–નિઃસ્વાર્થ ભાવના પ્રગટાવવાની અનિવાર્ય જરૂર.

( લેખકઃ—સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી. સમોઉ–ઉ૦ ગુજરાત. )

સદ્‌ભાવના એ આપણો મુદ્રાલેખ બનવો જોઇએ, તથા તુચ્છ સ્વાર્થવૃત્તિને આપણે તિલાંજલી આપવી જોઇએ. દુનીઆના સહુ પ્રાણીઓ સુખનેજ ચાહે છે અને વિધ વિધ જાતનાં દુઃખથી કંટાળી તેમાંથી મુક્ત થવા આકાંક્ષે છે. પણ તેનો ખરો રસ્તો તેમને યથાર્થ સમજાયો હોતો નથી, તેથી તેઓ બહુધા દુઃખનાજ માર્ગે પ્રયાણ કરતા રહે છે અને પરિણામે સુખના બદલે જાતજાતનાં દુઃખનાંજ દર્શન કરી તેનો કડવો અનુભવ મેળવે છે. ક્ષણિક-વિનાશી સુખમાં મુગ્ધ જનો વારંવાર લોભાઈ જઇ, સ્વાભાવિક અવિનાશી આત્મિક સુખનો અનાદાર કરે છે. ક્ષણિક કલ્પિત સુખમાં મુંઝાઈ રહેનારા લોકો ખરા અવિનાશી સુખનો અનુભવ કરી શકતા નથી અને અપૂર્વ અલૌકિક સુખથી તે સહુ વંચિત–બેનસીબજ રહે છે. તુચ્છ સ્વાર્થવૃત્તિને વશ થઇ રહેવાથીજ આવું વિષમ પરિણામ વારંવાર આવે છે અને વિવિધ વાસનાઓના જોરથી જીવો અહીં તહીં જન્મ મરણના ફેરામાં અટવાયા કરે છે. તે જન્મ મરણનાં અનંતાં દુઃખમાંથી જીવોનો ઉદ્ધાર થાય એ ખરેખર બહુજ ઇચ્છવા યોગ્ય છે. આ ઉપરથી સહેજે સમજી શકાશે કે આપણું મુખ્ય સાધ્ય–બિંદુ ક્ષણિક–વિનાશી કલ્પિત સુખ નહીં પણ ખરૂં શાશ્વતું અવિનાશી આત્મિક સુખજ હોવું જોઇએ. તેને લક્ષીનેજ સકળ ઉચિત પ્રવૃત્તિ કરવી ઘટે છે. તેવું ખરૂં સુખ નિજ આત્મામાંથીજ મળી શકે છે. બીજા બધાય તો સુખ દુઃખમાં કેવળ નિમિત્ત રૂપજ હોઈ શકે. પ્રત્યેક આત્મામાં શક્તિરૂપે અનંત–જ્ઞાનાદિક રત્નરાશિ છુપી રહેલી છે તેમજ તે સકળ રત્નરાશિને પ્રગટ કરવાનું અનંત–અગાધ સામર્થ્ય પણ છુપું રહેલું છે. એ સાચી વાત કોઇ વિરલાજ જાણતા હોય છે. મોટો સમૂહ તો તેથી તદ્દન અજ્ઞાન–અજાણ્યોજ રહે છે, તેમને એ ખરી હકીકતથી જાણીતા કરવા એ ખરા તત્વજ્ઞાનીનું કર્તવ્ય છે. તત્વજિજ્ઞાસા થવાથી તત્વજ્ઞાનની પ્રાપ્તિ સુલભ્ય થાય છે. ખરા જ્ઞાની પ્રત્યેનિજ હૃદયમાં શુદ્ધ પ્રેમ–બહુમાન જાગ્રત થાય એ તત્વજ્ઞાન પામવાની ખરી કુંચી છે, એ કુંચી કોઇ સદ્દભાગી મેળવીને તેને લાગુ પાડે છે, તો પરિણામે નિજ આત્મામાંજ છુપી રહેલી અનંતી ઋદ્ધિ તેને અનાયાસેજ મળી આવે છે. યથાર્થ જ્ઞાન, યથાર્થ શ્રદ્ધા અને યથાર્થ ચારિત્રના સંયુક્ત બળથી ખરૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવિનાશી સુખ પ્રાપ્ત થઇ શકે છે. જન્મ મરણ સંબંધી અનંત દુઃખરાશિમાંથી છુટવાનો એજ ધોરી માર્ગ છે. અજ્ઞાન અને મોહવશતાથી ખરો માર્ગ ભૂલાઇ ગયો છે અને ખોટો ઉલટો માર્ગ પકડી લેવાયો છે. એથીજ બાપડા જીવો સુખના બદલે દુઃખમાંજ ડુબતા જાય છે. તેમાંથી પ્રત્યેક જીવનો ઉદ્ધાર કેમ થાય અને પ્રત્યેક જીવ ખરી સુખશાન્તિ કેમ પામે એવું ચિંતવવું એજ ખરી મૈત્રી ભાવના. તેવા દુઃખી જીવોને તનથી, મનથી, વચનથી કે ધનથી ગમે તે રીતે દુઃખમુક્ત કરવા સાક્ષાત પ્રયત્ન સેવવો તે ખરી કરૂણા ભાવના. આપણા વિચાર વાણી તથા વર્તનમાં રહેલી વિષમતા (ખામી) દૂર કરી જો આપણે તે બધાં શુદ્ધ પવિત્ર બનાવી લઇએ તો એ બધાં વડે આપણો તેમજ અન્ય અનેક દુઃખી આત્માઓનો સહજમાં ઉદ્ધાર કરી શકાય. પરંતુ ખેદની વાત છે કે બહુધા સ્વતંત્રતાના મિષથી સ્વચ્છંદતાને સ્થાન આપવામાં આવે છે, જેથી સ્વપર અહિતમાં અધિક ઉમેરો જ કરાય છે. જ્યાંસુધી આપણામાં યોગ્ય વિકાસ ન થાય ત્યાંસુધી આપણે સહુએ શિષ્ટ જનોને અનુસરીને જ ચાલવું જોઇએ. આપણામાં તથા પ્રકારની યોગ્યતા આવતાં તેઓજ આપણને સ્વતંત્ર શાસન કરવા દેવા અનુમત થશેજ. વ્હાલા બંધુઓ તથા બ્હેનો, નિંસ્વાર્થ ભાવનાબળથી આપણે સહુ તથા પ્રકારની રૂડી યોગ્યતા પામી શકીશું. કોઇને પણ દુઃખમુક્ત-સુખી કે સદ્દગુણી સાક્ષાત દેખી કે સાંભળીને આપણે સહુએ રાજી અને પ્રસન્ન થવું જોઇએ મનમાં લગારે ખેદ રોષ કે ઇર્ષ્યા અદેખાઇ નહીં લાવતાં પ્રમોદ યા પ્રસન્નતા ધારવી, જેથી આપણી આંતર ભૂમિમાં રહેલાં શલ્ય માત્ર દૂર થઇ, તે શુદ્ધ સુયોગ્ય થવા પામે. ઉન્નતિનાં ખરાં કારણ શોધી, સમજીને આપણે આદરવાં જોઇએ, જેથી આપણી અમુક ઉન્નતિ થવા સાથે અન્ય જનોને પણ સમુન્નત બનાવવામાં આપણે શુભ સાધનરૂપ થઇએ. વલી ગમે તેવાં નિન્દ્ય અને કઠોર કર્મ કરનાર પ્રત્યે પણ દ્વેશ, ખેદ ધર્યા વગર પ્રબળ કરૂણાયુક્ત હૃદયથી તેનું કંઇ પણ હિત કરી શકાય તો તેમ, નહીં તો છેવટે અસાધ્ય વ્યાધિવંતની જેમ તેને ઉપેક્ષણીય સમજી રાગદ્વેશ રહિત સમભાવથી શકય સ્વ પરહિત સાધવામાંજ મશગુલ રહેવું. એજ મધ્યસ્થ ભાવના. સાચા મોક્ષ સુખની ચાવી જેવી અવિરોધી એ સઘળી સદ્દભાવનાઓ આપણ સહુના દીલમાં સદોદિત ( કાયમ ) રહેવી જોઇએ. એવી ઉદાર નિઃસ્વાર્થ ભાવના આપણામાં પ્રગટાવ્યા વગર અને તેને દૃઢ સ્થિર કર્યા વગર આપણે આપણામાં સંપ યા એકતા સ્થાપી શકીશું નહીં અને તેને નિભાવી શકશું નહીં.

કદાચ કોઇ નિમિત્ત વશ ઉપર ટપકે સંપ યા એકતા સ્થપાયેલ જણાશે. પરંતુ તથા પ્રકારની હૃદયની શુદ્ધતા-નિર્મળતા-નિઃસ્વાર્થતા પેદા કર્યા વગર ઉકત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપ યા એકતા સ્થિર થઇ શકશે નહીં, તેમજ આપણે એક બીજાનું ખરૂં વાસ્તવિક હિત પણ કરી શકીશું નહીં.

આપણ સહુમાં સંપ યા એકતા—દૃઢ—સ્થિર સ્થાપવાની અનિવાર્ય જરૂર છે. એ વડેજ આપણે વાસ્તવિક સ્વપર હિતની રક્ષા અને વૃદ્ધિ કરી શકીશું. તેવા ઉત્તમ સંપની સ્થાપના નિમિત્તે સહુએ વિવેકથી સ્વાર્થ ત્યાગ કરવો જ જોઇએ. તુચ્છ કલ્પિત સ્વાર્થનો ત્યાગ કર્યા વગર તો કશું હિત—શ્રેય—કલ્યાણ થવા સંભવજ નથી. જ્યારે ત્યારે પણ સ્વાર્થ ત્યાગ કરવાથી જ શ્રેય થવાનું છે. તો પછી તુચ્છ સ્વાર્થને વશ થઇ આવી અપૂર્વ તક ગુમાવી દેવી તેનો અર્થ શો? મૂર્ખતા! તંત્રી—વીણાના ત્રણેતાર સારા મજબૂત અને સુવ્યવસ્થિત હોય છે તોજ તે મજાનો મીઠો મધુરો સૂર કાઢી શ્રોતા જનોને કેવા રીઝવે છે? હારમોનીયમ વિગેરે વાજીંત્રો પણ એવાજ અર્થ સૂચક છે. જડ વસ્તુઓ પણ આ રીતે સુવ્યવસ્થિત હોય તો તે દ્વારા અનેક જનો ઇચ્છિત લાભ મેળવી શકે છે. તો પછી ઉપર જણાવ્યું તેમ અનંત શક્તિ—સામર્થ્યને ધારણ કરનારો પ્રત્યેક આત્મા ધારે તો તેને પ્રાપ્ત થયેલી સકળ શુભ સામગ્રીનો સદાય સદુપયોગ કરે. સ્વ વિચાર, વાણી અને આચરણ બરાબર પવિત્ર બનાવે. તે માટે શરૂઆતમાં જ વર્ણવેલી સઘળી શુભ ભાવનાઓ સતત અભ્યાસ રાખે. તુચ્છ કલ્પિત ક્ષણિક સ્વાર્થ માત્રને જતો કરે, વિષય ઇંદ્રિયોને કબજે રાખે—મોકળી ન મૂકે; તેમાં પણ સકળ ઇન્દ્રિયોને પોષણ આપનારી રસના—જીભને વિશેષે કબજે ( કાબૂમાં ) રાખે. એટલે એને નિર્દોષ અને નિયમિત પોષણ આપે કે જેથી તેનામાં તેમજ તેને લઇ અન્ય ઇન્દ્રિયોમાં વિક્રિયા થવા પામેજ નહીં. એટલું જ નહીં પણ યોગ્ય પોષણ પામેલી ઇન્દ્રિયો પોતાના સ્વામી રૂપ આત્માની ખરી સેવા સાવધાનપણે બજાવી શકે. જેથી સુવિવેકી આત્મા ઉન્નતિના માર્ગમાં અવિચ્છિન્ન પ્રયાણ કરી શકે. વળી તે સુવિવેકી આત્મા ક્રોધાદિક કષાયનો સારી રીતે નિગ્રહ થાય તેમ ડહાપણ ભરી ક્ષમા—સમતા, મૃદુતા, નમ્રતા, ઋજુતા સરલતા અને તુષ્ટિ—નિર્લોભતાનું સેવન કરે. ક્રોધ પ્રીતિનો, માન મર્યાદાનો, માયા મિત્રાઇનો, અને લોભ સર્વનો નાશ કારક છે, એવું ઠીક સમજનારો તે વિવેકી કદાચ ક્રોધ—રીસ કરે તો, પોતાના જ અવગુણ પ્રત્યે, માન—અહંકાર કરે તો પ્રમાદાદિક શત્રુઓનો પરાભવ કરી મળેલી તકની સાર્થકતા કરી લેવા; સાવચેતી રાખવા માટેજ; માયા—કપટ કેળવે તો પોતાની ખરી ઉન્નતિમાં અપાય—વિઘ્ન કરનારા દોષો—દુર્ગુણોને વટાવી દેવા પૂરતી જ; અને લોભ કરે તો જેથી જન્મ મરણનો ભય દૂર થાય એવી સાધન સંપત્તિ પ્રાપ્ત કરી લેવા નિમિત્તેજ. જેથી સ્વકર્તવ્યનું ભાન ભૂલાય અને કર્તવ્ય ભ્રષ્ટ થવાય એવા કોઇ પણ માદક પદાર્થનું સેવન વિવે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાત્મા નજ કરે. આ ટુંકી જીંદગીના અમૂલ્ય સમયોને નકામી આળસ વધારવામાં ખર્ચી નજ નાંખે–પણ તેનો પોતાનાથી બની શકે તેવો સારામાં સારો ઉપયોગ કરે, જેથી સ્વપર હિતની રક્ષા સાથે તેમાં દિન દિન વધારો જ થાય. એવું અભિનવ જ્ઞાન ( વિજ્ઞાન ) જાતે મેળવવામાં, મેળવેલું અન્ય અર્થી જનોને આપીને વધારવામાં તેનો ફેલાવો કરવામાં, સત્સંગનો લાભ લેવામાં, સંશય સમાધાન કરવામાં અને મંદમતિ જીવોને સ્વકર્તવ્ય સમજાવી તેમને કર્તવ્ય પરાયણ કરવામાં, સ્વ અમૂલ્ય સમયને તે વીતાવે છે. ફૂલડાં ઝરે, અથવા અમૃત વર્ષે એવી મીઠી મધુરી હિતકારી સત્ય વાણી પ્રસંગને લક્ષી ગર્વરહિત અને સ્થિર બુદ્ધિથી વિચારી વદે છે. સર્વ પ્રાણીવર્ગને નિજ આત્મા સમાન લેખી પોતાનાથી બને તેટલી તેમની અનુકુળતા સાચવે છે. અને અન્ય જનોને એવુંજ હિત આચરણ કરવા શીખવે છે. શુદ્ધ બ્રહ્મચર્ય જાતે પાળવા તથા તેનો ઉત્તમ પ્રભાવ શ્રોતા વર્ગને સમજાવી તેઓ તેમાં રત થાય તેમ કરવા પ્રયત્ન સેવે છે. બ્રહ્મચર્યજ ચારિત્રનું મૂળ અધિષ્ટાન છે. એમ પોતે સારી રીતે સમજે છે, અને તેનો મહીમા અન્યને સમજાવે છે. માયા મમતાને દૂર કરી દે છે. આવા સુવિવેકી આત્માને મિથ્યા મારૂં તારૂ હોતું નથી. આવું ઉત્તમ આદર્શ જીવન જીવવા સદ્ભાવના આપણામાં સદાય સ્ફુરો! અને એવા અનેક આદર્શ જીવનોના સંયુકત બળથી વિશ્વમાં અખંડ એકતા સધાઓ અને શ્રેષ્ઠ સુખ શાન્તિ સ્થપાઓ. ઇતિશમ.

# જૈન દ્રષ્ટિએ મનોવિજ્ઞાન, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન.

( ૧ )

આ વિશ્વમાં ચોતરફ દ્રશ્યમાન થતી જે અનંત પ્રકારની ભૌતિક અને પાર્થિવ સંપત્તિઓ આત્માને પ્રાપ્ત થાય છે તે આત્માએ ઉપાર્જેલા કર્મોના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમજન્ય હોતી નથી. પરંતુ કર્મોના આગમનમાંથી એટલે ઔદયિક ભાવે ઉત્પન્ન થયેલી હોય છે. માત્ર આત્માની જે સંપત્તિ સ્વભાવજન્ય, પ્રકૃતિ પ્રાપ્ત અથવા ધાતુગત હોય છે તેજ આત્માના કર્મોના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમના પરિણામ રૂપે ઉદ્ભવવા યોગ્ય છે. શાસ્ત્રકારોએ વર્ણવેલા આત્માના સ્વભાવજનિત ગુણો અથવા લક્ષણોમાં જ્ઞાન એ મુખ્ય ગુણ છે. જૈન શાસ્ત્રો આ જ્ઞાનના પાંચ ભેદ પાડી તેની વિવેચના કરે છે. તેમાં ઇન્દ્રિયો અને મનની સહાયતાથી જે જ્ઞાન થાય છે તેને મતિજ્ઞાન કહેવામાં આવેલું છે અને તે મતિજ્ઞાનાવરણાદિ કર્મના ક્ષયોપશમથી પ્રગટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા શાસ્ત્રીય ગ્રંથોમાં મતિજ્ઞાન સબંધે જે વિવેક કરેલો જોવામાં આવે છે તે મુખ્યત્વે કરીને તેના ભેદો, ઉપભેદો અને વર્ગો પાડીને કરેલો છે. આ ભેદો સાધારણ જનસમાજના માટે બહુ અર્થ સાધક હોય એમ અમે સ્વીકારતા નથી. કેમકે જ્યાંસુધી મુખ્ય શબ્દને અંગે જે ભાવનાઓ સંકળાએલી હોય છે તેનો સ્હેજ અંશ પણ તેમને અવગત થએલો હોતો નથી ત્યાં સુધી માત્ર તેના ભેદોપભેદોને વાંચ્યા અથવા સાંભળ્યા જવા એ માત્ર સ્મૃતિને ભારરુપજ છે, આ જમાનામાં આપણા શાસ્ત્રાભ્યાસમાં સર્વથી મોટી ખામી જે જોવામાં આવે છે તે એ છે કે આપણે જે વિષય સબંધે વાંચીએ છીએ તે વિષયના સુચક મૂળ શબ્દોના ભાવને આપણે સમજી ગયા છીએ એમ માની લઇને આગળ વધવા માંડીએ છીએ, દૃષ્ટાંત તરીકે "મતિજ્ઞાન" નો વિષય લહીએ. "મતિ" શબ્દને અંગે જે અર્થ રહેલો છે તે ન્યુનાધિક અંશે સમજવાની અથવા વિચારવાની આપણે થોડીજ પરવા રાખી તુર્તજ તેના ભેદોપભેદોમાં આગળ ધસવાની તત્પરતા દર્શાવીએ છીએ. મતિજ્ઞાનની ઉત્પત્તિ માટે મન અને ઇન્દ્રિયોની સહાયતા હોવી આવશ્યક છે, પરંતુ મન શું છે અને ઇન્દ્રિયોનું સ્વરૂપ શું છે તેનો કાંઇ પણનિર્ણય કરવાને આપણે વિરમતા નથી. એટલુંજ નહી પણ આપણે મન અને ઇન્દ્રિયોને સારી પેઠે ઓળખીએ છીએ એમ શરૂઆતથી જ માની લઇએ છીએ. વસ્તુત: મન અને ઇન્દ્રિયોને બહુજ થોડા મનુષ્યો સમજી શકયા છે. અને આ ચંચળતા અને વિકળતાના યુગમાં એ સબંધી ધૈર્ય પૂર્વક વિચાર કરવાનો સમય પણ બહુ થોડા મનુષ્યોને હોય છે. અમારા મત પ્રમાણે આ કાળે બહોળા વાંચન કરતાં આપણા શાસ્ત્રના જીવંત, અર્થપૂર્ણ શબ્દોની વ્યંજના ગ્રહણ કરવાની અધિક આવશ્યકતા છે. ભેદોપભેદનો વારો મૂળ શબ્દને સમજ્યા પછી ચાલ્યો આવે છે. આત્મા, ઈશ્વર, સંસાર, સમ્યકત્વ, જ્ઞાન, કર્મ, મન, ઇન્દ્રિય આદિ ગંભીર અર્થને વહનારા શબ્દોનો મર્મ ઉંડાણુથી સમજવાનો પ્રયત્ન બહુ ઓછો થાય છે. અને તેને બદલે વંચાએલા ગ્રંથોનો ખરડો બને તેટલો લાંબો બનાવવાની લાલચ બળવાન થતી જાય છે. આ વલણુ અમે શોચનીય ગણીએ છીએ અને તેને, આ યુગની ખામીઓ અને અપૂર્ણતાઓમાં અગ્રસ્થાન આપીએ છીએ. અમો આ લેખમાં ભેદોપભેદો કરતાં મન શું અને ઇન્દ્રિયોશું છે તેનું સ્વરૂપ બતાવવાનો સવિશેષ પ્રયત્ન કરીશું.

આકાશ પ્રદેશમાં જેવી રીતે ઇથર, ( વિજ્ઞાને સ્વીકારેલો જડ દ્રવ્યનો સૂક્ષ્મતમ અંશ–અવિભાજ્ય પરમાણું ) વાયુ, પ્રાણ દ્રવ્ય વિગેરે સભરપણે વ્યાપક છે તેવીજ રીતે મનો દ્રવ્ય પણ વ્યાપક છે. આપણી આસપાસ જે પ્રાણ વાયુ ભરેલો છે તેમાંથી આપણે આપણી શકિત અનુસાર જોઇતા પ્રમાણમાં લઇને વાપરીએ છીએ, તેવીજ રીતે આ મનો દ્રવ્યના ભરપુર મહા સાગરમાંથી આપણી શકિત અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્યતાને અનુસાર લઇને તેનો ઉપયોગ કરીએ છીએ. આપણે ઉપયોગમાં લીધેલું આ મનો દ્રવ્ય, આકાશમાં રહેલા સર્વવ્યાપી મનોદ્રવ્ય સાથે નિરંતર સબંધમાં હોય છે, અને તેની સાથે અભેદ ભાવે રહેલું હોય છે. આપણી સકર્મ અવસ્થામાં જો કે આપણને પૃથક મન પ્રાપ્ત થએલું હોય છે, પરંતુ સર્વવ્યાપી મનોદ્રવ્યથી તેનો ભેદ નહી જેવો છે. જેમ આપણો શરીરગત વાયુ એ બહારના વાયુ દ્રવ્ય સાથે સબંધ વાળો છે, અને તેમ છતાં પણ આપણા શરીરગત વાયુનું બંધારણ પ્રથક્ ગણી શકાય, તેવીજ રીતે બહારના વિશ્વમાં વ્યાપેલા મનોદ્રવ્યની આપણા અંતર્ગત માનસ-બંધારણ સાથે એકતા હોવા છતાં, આપણી વર્તમાન જીવ ભાવ વાળી અવસ્થામાં તે પ્રથક્ પણ ગણી શકાય તેમ છે-છતાં આત્માને તે મનોદ્રવ્ય ઔપાધિક ભાવે પ્રાપ્ત થયેલું છે. અને એ દ્રવ્ય, આત્માના વિકાસક્રમની ભૂમિકાના તારતમ્ય અનુસાર, આત્માને તેના માનસ વ્યાપારોમાં ન્યુનાધિક સહાય-ભૂત થાય છે.

મનોદ્રવ્ય તેની મૂળ સ્થિતિમાં આપણને ભાસ્યમાન અથવા જ્ઞાન ગોચર થઇ શકે તેમ નથી. તેમ તેની કલ્પના પણ આપણાથી અત્યારે થઇ શકે તેમ નથી. તેમાં જ્યારે ક્ષોભ અથવા આંદોલન ઉત્પન્ન થાય છે ત્યારે તે "વૃત્તિ" અથવા "વિચાર" રૂપે આપણી સન્મુખ ઉપસ્થિત થાય છે, અને ત્યારેજ આપણે મનને સમજી શકીએ છીએ. અર્થાત જ્યારે મનનું પ્રવૃત સ્થિતિમાં પરિણમન થાય છે,-એટલે કે તે કાર્યશીલ બને છે ત્યારેજ તેને આપણે તેની કાર્ય પરાયણ સ્થીતિમાં અનુભવી શકીએ છીએ. જ્યારે આત્માએ ગ્રહણ કરેલા મનો દ્રવ્યમાં એ પ્રાણ તત્વનો સબંધ થાય છે ત્યારેજ મનોદ્રવ્યનો કોઇ પ્રકારની સવિશેષ પ્રવૃત્તિ સ્વરૂપે આવિષ્કાર થતો જોવામાં આવે છે.

આત્મા પોતાની સકર્મ અવસ્થામાં મનની સહાયતાવિના એક ક્ષણ પણ નિભાવી શકે તેમ નથી. જ્યાં સુધી કૈવલ્ય-પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેનો સમસ્ત જ્ઞાન-વ્યવહાર-ઘણા અંશે મનોમયજ હોય છે. આત્મા પોતાના સબંધે પણ જે જે વિચારણા કરે છે તે પણ આ મનનીજ સહાયથી કરે છે. પ્રત્યેક વિચાર, પ્રત્યેક સંકલ્પ, પ્રત્યેક આવેગ, એ મનના જ આવિષ્કારો છે, આપણા શરીરમાં વસ્તુત: "આપણે" કોણ, એ શોધી કાઢવું એ અતિ વિકટ કાર્ય છે. કેમકે જે જે ભાગ ઉપર "આપણે" હોવાનું સમજી હાથ મુકીએ છીયે તે ફરીથી બારીકીથી તપાસતાં તે મનનું કાર્ય માલુમ પડે છે. આપણા સબંધે જે ખરેખરૂ તત્વ છે તે માત્ર "હું" છે. આ "હું" મનની સર્વ પ્રવૃતિઓ ઉપર પ્રકાશ નાખે છે. આ "હું" તેજ આપણું વાસ્તવીક, ખરેખરૂ, સાચું અવિચળ, શાશ્વત પોતાપણાનું તત્વ છે. આ "હું"ના સબંધમાં કોઇ પણ જ્ઞાની,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાત્મા કે પંડીતો કાંઇ કહી શકે તેમ નથી. તેના સંબંધે જો કાંઇ પ્રત્યય હોય તો તે માત્ર "છે," "અસ્તિ" શિવાય એકે નથી. આ "હું" અથવા આત્માના પ્રશ્નનું સમાધાન મન કોઇપણ કાળે કરી શકેજ નહી. કેમકે મનની પ્રવૃતિઓ ઉપર પ્રકાશ નાખનાર ઉપર મન સામો પ્રકાશ નાખી શકે નહી. જેમ વિશ્વ પોતાના પ્રકાશથી સૂર્યને જોઇ શકે નહી કેમકે વિશ્વને પોતાને પ્રકાશ જ નથી–જે પ્રકાશ છે તે માત્ર સૂર્યનો છે,–તેમ મન પોતાના પ્રકાશથી આત્માના સ્વરૂપને પ્રકાશી શકે નહી. કેમકે મનને પોતાનો સ્વયં પ્રકાશ જ નથી. આપણે પોતે આપણા "હું" ને પુછીએ કે "તું કોણ છે" તો તેનો ઉત્તર કાંઇજ મળશે નહી. માત્ર એટલુંજ વધારામાં નીકળશે કે "હું" "અસ્તિત્વસ્માન" છું. એથી વિશેષ પૃચ્છા કરશો તો માત્ર મનના ધર્મોનું પરિસ્ફોટન થયા કરશે. મનવડે આત્મા અથવા "હું" ના ધર્મોની પરીક્ષા થઇ શકે નહી. પરીક્ષા અથવા પૃચ્છા માટે કાંઇ વિષય (object) હોવો આવશ્યક છે. અને જો આપણે આપણા "હું" ને એ વિષય (object) કરવા જઇએ તો પછી પરીક્ષા કરનાર, વિષય-જ્ઞાતા (subject) રૂપે કોને સ્થાપીશું ? કલ્પનાથી પણ આપણે આપણા "હું" અથવા આત્માને અનુભવી શકવા અસમર્થ છીએ. કલ્પનાથી આપણે આપણા શરીરને, આપણી માનસીક અવસ્થાઓને, વિચારોને, લાગણીઓને, સંસ્કારોને, ભાવનાઓને, અને તે ઉપરાંત મનના વિવિધ કાર્યોને જોઇ શકીએ, પરંતુ તે બધા ઉપરાંત જ્યારે આપણે પોતાને જોવા જઇએ, ત્યારે ખરી રીતે આપણે આપણને પોતાને જોતા હોતા નથી, પરંતુ આપણાપણાનો પરિવેશ ધારણ કરનાર કોઇ મનની સ્થિતિ વિશેષને જોતા હોઇએ છીએ. આપણે આપણને જોઇએ તે પહેલા આપણે આપણામાંથી બહાર કુદી પડી આપણા 'હું'ને વિષય (object) કરવો જોઇએ. પરંતુ તે તો બને તેમ નથી. આપણી વર્તમાન કાર્મીક અવસ્થામાં આપણે વિષય અને વિષયી, જ્ઞાતા અને જ્ઞેય ઉભય એક સાથે હોઇ શકીએ નહી. જેમ એકજ પદાર્થ બેટ બૉલ એકી વખતે હોઇ શકે નહી તેમ વિષય અને વિષયી એકી વખતે એકજ હોઇ શકે નહી. આપણામાં "હું" એક એવું તત્ત્વ છે કે જે મનની સર્વ પ્રકારની પ્રથક્કરણની શક્તિ, પરીક્ષાની સૂક્ષ્મતા, અવલોકનની બારીકતા અને બુદ્ધિબળના ગૌરવને આધિન થઇ પોતાનું રૂપ ખુલ્લું કરતું નથી. તમે પોતે તમારા પોતાના આગળ તમારૂં સ્વરૂપ જાણવા માટે ગમે તેટલો આગ્રહ અને માગણી કરો તોપણ "હું છું" એ ઉપરાંત કાંઇ ઉત્તર મળશે નહી.

આ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવાનો શું માર્ગ છે એ એક નિરાળો વિષય છે અને તે કેવા ક્રમથી પ્રાપ્ત કરી શકાય છે તે સંબંધે અત્રે વિષયાંતરના ભયથી, કાંઇ વિવેચન કરી શકાય તેમ નથી. અને માત્ર જે ઉલ્લેખ આત્મા સંબંધે કરેલો છે તે માત્ર એટલાજ માટે છે કે મનો દ્રવ્યનો ઉપયોગ કરનાર એ "હું" છે. અને "હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છું ” એ શિવાય જે જે ભાવનાઓ છે તે સર્વ આ મનોદ્રવ્યનો આવિષ્કાર અને દશ્ય છે.

જોકે મનના સર્વ વ્યાપારોમાં આત્માનું તત્વ અનુસ્યુત હોય છે, એટલે કે અધિકરણ તરીકે તે સર્વદા પ્રત્યેક મનોવ્યાપારમાં વિદ્યમાન હોય છે, છતાં એ વ્યાપારોનું ઉપાદાન તો મનોદ્રવ્યજ હોય છે અને તેના પોતાના વ્યાપારો ઉપર મન પોતાનો પ્રકાશ નાખી શકે છે. મનોદ્રવ્ય એવી વસ્તુ છે કે તેનો બીજા પદાર્થો સાથે મુકાબલો કરી બતાવાય તેમ નથી. તેનું સ્પષ્ટીકરણ તેના પોતાનાજ કાર્યોથી કરાવી શકાય તેમ છે. મનની પોતાની પ્રવૃતિ તરફ મનોમય અંગુલિ નિર્દેશ કરી તેને ઓળખાવી શકાય કે “ જુઓ આ મનનું કાર્ય છે ” પરંતુ “ આ મન છે ” એમ બતાવી શકાય નહી. કેમકે સમસ્ત વિશ્વમાં મનના જેવું બીજું દ્રવ્ય નથી કે જેની સાથે મનોદ્રવ્યની ઉપમા અથવા તુલના કરી તેના સ્વરૂપનો ખ્યાલ આપી શકાય. મનના કાર્યને ઓળખવા માટે મને પોતે પ્રયત્ન કરવો જોઈએ. અને તેપણ, ઉપર કહી ગયા તેમ મનોદ્રવ્ય તેની મૂળ અવસ્થામાં પ્રતીત થતું નથી પરંતુ તેની કાર્ય-મય અવસ્થામાં, વૃતિરૂપે, તરંગીત સ્થિતિમાં અનુભવ ગોચર થાય છે. મન તો શું, પરંતુ વિશ્વનું એક પણ દ્રવ્ય તેના મૂળ સ્વરૂપે, કારણ રૂપે, કોઇ કાળે સમજી શકાતું નથી. પ્રત્યેક દ્રવ્ય કાર્ય રૂપે, કોઈ આકાર વિશેષ રૂપે, કાંઇપણ અર્થસૂચક આકૃતિ સ્વરૂપે, દશ્યમાન થાય છે. મન અને આત્મામાં આ સંબંધે ભેદ એટલો જ છે કે જ્યારે આત્મા મૂળ રૂપે કે કાર્ય રૂપે, આત્માને પોતાને અથવા મનને પ્રતીત થતો નથી ( માત્ર “ હું છું ” એ રૂપે જ થાય છે ) ત્યારે મન તેની કાર્યમય અવસ્થામાં મનવડે જાણી શકાય છે. કોઇ પણ અવસ્થા વિશેષ રહિત મન એ માત્ર એક નીરાળી ભાવના ( abstraction ) શીવાય અન્ય કશુંજ નથી. “ વિશુદ્ધ, મૂળ સ્થિતી વાળું મનોદ્રવ્ય ” એ વાક્યના ઉચ્ચાર સાથે એ વાક્યને અનુરૂપ કોઇ પણ ભાવના કે કલ્પના તમારા મનમાં કદી ઉદયમાન થઇ શકવાની નહીં. વિચાર, સંકલ્પ, સંવેદન, આવેગ, વૃતિ, વાસના વિગેરે મનોદ્રવ્યના પર્યાયો છે. અને તેમ છતાં એ દ્રવ્યનું અસ્તિત્વ સ્વીકાર્યા વીના ચાલે તેમ નથી. કેમકે જ્યાં પર્યાય, વિકાર, કાર્ય આદિ હોય છે ત્યાં તેનું ઉપાદાન અવશ્ય હોવું ઘટે છે.

જૈન દર્શનકારોએ આ મનના કાર્યના અનેક ભેદોપભેદો દર્શાવેલા છે. સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક અને અનુમાન એ પરોક્ષ જ્ઞાનના ભેદો હોઇ, અને ઇન્દ્રિયોની સહાયતાવાળા મનવડે માત્ર પરોક્ષ જ્ઞાન જ લભ્યમાન હોઇ એ ભેદો મનના કાર્ય પરત્વે ઘટી શકે તેમ છે. સ્મૃતિ (memory) અને પ્રત્યભિજ્ઞાન (Consciousness-fidentity) વિગેરે ભેદોની વિવેચના કરવા જતા વિષયાંતર થઇ ન્યાયશાસ્ત્રના પ્રદેશમાં ઉતરી પડવાનો ભય રહે છે, તેથી એ વિવેચનાને અત્રે અમે છેડતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ઉપરાંત મન કોઈ પણ સંસ્કાર અથવા ભાવના ગ્રહણ કરે તે પહેલા, તે ગ્રહણના ક્રમ દરમ્યાન જે જે ભૂમિકાઓમાં થઇને મન પસાર થાય છે તેનું પણ વિવેચન જૈન શાસ્ત્રકારોએ કરેલું છે. જ્ઞાન થવા દરમ્યાન જે જે અવસ્થાઓને મન સ્પર્શે છે, અથવા જે જે સ્થિતિઓમાં થઇને તે પસાર થાય છે તે બતાવેલ છે એક પદાર્થનું મનોમય દ્રવ્ય ગ્રહણ થતા પહેલા મન, વ્યંજનાવગ્રહ ( સામાન્ય પ્રતિભાસ રૂપ દર્શન અને તે પછી કાંઇક વિવક્ષિત જ્ઞાન, જેમ કે આ મનુષ્ય જેવું કાંઇ છે તે અર્થાવગ્રહ તથા ) ઇહા ( અવગ્રહથી ઉત્પન્ન થએલ જ્ઞાનની વિશેષરૂપતા જેમ કે આ મનુષ્ય તે દેવદત્ત છે ) હશે કે કેમ ? અપાય, (ઇહાથી ઉત્પન્ન થએલ જ્ઞાનની અધિક સવિશેષતા, જેમ કે આ મનુષ્ય અવશ્ય દેવદત્ત છે, તે શિવાય અન્ય કોઇ નથીજ ) અને ધારણા ( સંશય રહિત, વિસરી ન શકાય તેવું દ્રઢ જ્ઞાન ) એ ભૂમિકાઓમાંથી પસાર થાય છે. આ ભૂમિકાઓ તે માત્ર મનના વ્યાપાર દરમ્યાનના સ્પર્શ–કેન્દ્રો છે અર્થાત તે તેઅવસ્થાઓનો તે માત્ર સ્પર્શજ કરે છે માત્ર તેને મતિજ્ઞાનના ભેદો કહેવામાં આવે છે. આ ભેદો જે કે જ્ઞાન ગ્રહણનો ક્રમ છે; જેમકે ભાવનગરથી વઢવાણ સુધી રેલવે દોડે છે અને તે દોડવા દરમ્યાન રેલવે ટ્રેન ઘણા સ્ટેશનો અને પ્રદેશોને સ્પર્શતી ચાલે છે તેટલાજ કારણથી તે સ્ટેશનો અને પ્રદેશો કાંઇ રેલવેના ભેદો હોવાનું માની શકાય નહી તેજ પ્રમાણે મન પોતાના અમુક પ્રકારના વ્યાપારમાં જે જે ક્રમમાંથી પસાર થાય તે તે ક્રમ અથવા અવસ્થાઓ તે " જ્ઞાન ગ્રહણનો ક્રમ " ( stages of assimilation of ideas ) ગણી શકાય. કે જેને શાસ્ત્રકાર મહારાજે ભેદો કહેલા છે.

મન અને ઇન્દ્રિયોની સહાયતાથી એક વિશેષ મનો વ્યાપારને 'શ્રુતજ્ઞાન' ની સંજ્ઞા આપવામાં આવી છે. આ શ્રુતજ્ઞાન એ માત્ર મતિજ્ઞાનવડે ગ્રહાએલા પદાર્થને અધિકપણે જાણવું તે છે. ઉભયમાં મન અને ઇન્દ્રિયો એકજ પ્રકારે પ્રવર્તે છે માત્ર મતિજ્ઞાન એ સામાન્ય અને શ્રુતજ્ઞાન એ વિશેષ રૂપે છે એટલોજ તફાવત છે. મતિજ્ઞાનનો પ્રદેશ અમુક ભાવનાનો સંબોધ અથવા ધારણા થતા પર્યંત છે અને તે પછીના મનો વ્યાપારો એ શ્રુતજ્ઞાનના પ્રવૃત્તિ પ્રદેશ તરીકે જૈન શાસ્ત્રકારોએ સ્વીકારેલા છે. દ્રષ્ટાંતથી એ વાતને જણાવીયે. આહાર ગ્રહણની ક્રીયામાં, અન્નગ્રાસને હાથમાં ગ્રહી, મુખમાં લઇ, ગળે ઉતારી તેને હોજરીમાં ઉતારવા સુધીના બનાવો આવી જાય છે. હવે તેમાં સામાન્ય વિશેષના ભેદો પાડીએ તો હાથમાં અન્નનો ગ્રાસ લઇ મુખમાં તે લેતા સુધીને સામાન્ય આહાર ગ્રહણ, અને મુખમાંથી તે હોજરીમાં જતા સુધીના વ્યાપારોને વિશેષ આહાર ગ્રહણ કહીએ તો ચાલે. પરંતુ એ ઉભય, સામાન્ય વિશેષોમાં ભેદ તે માત્ર કાલ્પનીકજ છે. અખીલ ક્રીયા એ માત્ર એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સીધી લીંટી જેવી, એક આખા બનાવ જેવી છે. તેજ પ્રમાણે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ પણ એક સીધી લીંટી જેવા છે, માત્ર તેમાં સામાન્ય વિશેષનો તફાવત છે. અને તે ભેદ પણ ઉપરના આહાર ગ્રહણના ભેદો જેવો માત્ર ભાવના રૂપેજ છે. જ્યાં મતિ જ્ઞાનનો અભાવ છે ત્યાં શ્રુત જ્ઞાનનો પણ અભાવ હોય છે. કેમકે સામાન્ય વિના વિશેષની ઉપપત્તિ સંભવતી નથી. તેમજ અન્ય પક્ષે પૂર્વના શ્રુતજ્ઞાનની સહાય વિના મતિજ્ઞાનનું ગ્રહણ થઇ શકતું નથી. એ ઉભયનો એવો અવિચ્છેદ્ય સંબંધ છે કે તે ઉભયને માત્ર એક વ્યાપાર, એક પ્રવાહ, એક ઘટના રૂપે સ્વીકાર્યા શીવાય ચાલે તેમ નથી.

પ્રથમ ગુણસ્થાનકથી માંડી તેરમે ગુણ સ્થાનકે વિરાજતા પરમ યોગી અવસ્થા પર્યંતના ચૈતન્ય-કેન્દ્રો મન દ્વારા પોતાનું જીવન ભોગવે છે. ખનીજના અણું ખનીજપણું, કીટનું કીટપણું વનસ્પતિનું વનસ્પતિપણું, મનુષ્યનું મનુષ્ય પણું અને દેવ-ઈશ્વર કોર્ટના આત્માઓનું દેવ અને ઈશ્વરત્વ આ મનની શકિતને લઈનેજ નિર્માએલું હોય છે. મનોદ્રવ્યના અનંત મહાસાગરમાંથી આપણું વ્યકિત-મન જે પ્રમાણમાં ગ્રહણ કરી શકે છે તે પ્રમાણમાં તેની મહત્તા અથવા લઘુતા હોય છે. નિગુઢ આત્મીક રહસ્યોનું ઉદ્ઘાટન કરનાર સર્વ દેશના રૂષિ-મુનિઓ વિશ્વની સંસ્કૃતિને વિશુદ્ધ પરિણમન અર્પનાર સર્વ દેશના પ્રતિભાવાન, અપૂર્વ કલ્પક મહાકવિઓ, અચિંતિત વૈજ્ઞાનિક સત્યોનો આવિષ્કાર કરી અંધકાર મય વિશ્વને ઉજ્વલતા અર્પનાર વિજ્ઞાનવિદો, અને ધર્મ, સમાજ, રાજ્યનીતિ આદિ પ્રદેશોમાં પોતાનું વીર્ય સ્ફુરાવી સમસ્ત યુગને ઉત્ક્રાન્તિની શ્રેણીમાં એક પગલું આગળ ભરાવનાર યુગ પ્રવર્તક મહાપુરૂષો પોત પોતાની શકિત આ મનના અનંત સભર નિરવધિ મહાસાગરમાંથી મેળવે છે. જેમ આપણે આપણા શારીર-જીવનને અર્થે આવશ્યક પ્રાણદ્રવ્ય તે દ્રવ્યમાંથી લઈએ છીએ તેમ આપણા માનસ જીવનને અર્થે આવશ્યક મનોદ્રવ્ય પણ આ મનના અખુટ દ્રવ્યમાંથી લઈએ છીએ. પરંતુ જેમ યોગીજનો પોતાની પ્રાણાયામની પ્રક્રિયાથી શરીરને જે સબળ સજીવતા અને પ્રબળ પ્રાણમયતા આપી શકે છે તે પદ્ધતિમાં અને આપણી નિર્બળ ઢીલી અને યુકિત રહિત પ્રાણ-ગ્રહણ પદ્ધતિમાં ઘણો મહાન તફાવત છે. તેમ આપણા અને મહા પુરૂષોમાં મનોદ્રવ્યના ગ્રહણ અને ઉપયોગ પરત્વે પણ તેટલોજ તફાવત છે. જેમ પ્રાણ સંચય એ એક મહાન વિદ્યા છે તેમ મનોદ્રવ્યમાંથી પણ આપણે જોઈતું તત્વ આકર્ષી લેવું એ પણ એક મહા વિદ્યા છે. આ વિદ્યાને આપણે "સંયમ" શબ્દથી સંબોધીએ છીએ. પરંતુ આ કાળમાં જેમ અનેક જીવંત અને અર્થપૂર્ણ શબ્દોમાંથી ચૈતન્ય ઉડી ગયું છે તેમ "સંયમ" શબ્દ પણ અર્થ શૂન્ય અને અમુક પ્રકારની વિધિઓનો હાલમાં વાચક થઈ પડયો છે. પરંતુ એ સંબંધી ખેદ કરવાનું આ યોગ્ય સ્થાન નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાક મનુષ્યો આપણા ભેજામાં રહેલા જ્ઞાન તંતુના સફેદ દ્રવ્યને મનોદ્રવ્ય માનવાની ભૂલ કરે છે વસ્તુતઃ એ દ્રવ્ય મન નથી. પરંતુ મનના કાર્ય સાથે ઘણો નિકટ સંબંધ રાખનાર તેના પ્રત્યેક સ્ફુરણ સાથે સહાનુભૂતિ રાખનાર અને તેની પ્રત્યેક ચેષ્ટા સાથે અનુકંપા ધરાવનાર એક જડ દ્રવ્યનો તે સમુહ છે અને એક પ્રકારે મનનું ભૌતિક અવલંબન છે. ( અધ્યાયી )—અપૂર્ણ.

# જીવનની જ્યોત જાગે છે.

( કવ્વાલી. )

જીવનની શાંતિ લેવાને, ગ્રહી સન્માર્ગ સેવાને;
હૃદયમાં ઊર્મિ ભરવાને, જીવનની જ્યોત જાગે છે. ૧
મહાત્મા વીરની વાણી, જીવનનું ધ્યેય એ જાણી;
બધા કુવિકલ્પને ટાળી, જીવનની જ્યોત જાગે છે. ૨
અરે ! તું તો હૃદય જોને, હવે અભિમાન કર શાને;
નિરાશા દૂર જો કરતી, જીવનની જ્યોત જાગે છે. ૩
પ્રભુની જ્ઞાનની કોટિ, અખિલ બ્રહ્માંડ વ્યાપક છે,
ગ્રહી લેવા વિવેકેથી, જીવનની જ્યોત જાગે છે. ૪
બધું વિશ્વ સૂતું જ્યારે, નીરવ શાંતિ રહે ત્યારે.
રહે તું જાગતો પ્યારે, જીવનની જ્યોત જાગે છે. ૫
સદા અધ્યાત્મની છાંયા, શીળી છે ઉષ્ણુ જો માયા;
અનાહુત નાદ જો પાયા, જીવનની જ્યોત જાગે છે. ૬
ઉઠે રણકાર ભીષણ જ્યાં, જીવન સંગ્રામ ગાજે છે;
હૃદય જો શાંતિ ધારે છે, જીવનની જ્યોત જાગે છે. ૭
કુટીમાં જો દરિદ્રોની, મહાલયમાં શ્રીમંતોની;
સરે જો શાંતિ આ વિશ્વે, જીવનની જ્યોત જાગે છે. ૮
હૃદય ઉત્તપ્ત જો બનતું, વળી વ્યાકુળતા ધરતું;
પ્રભુની જ્ઞાન જ્યોતિથી, જીવનની જ્યોત જાગે છે. ૯
સરોવર સ્વચ્છ જળ માંહે, કિરણ શાં ચંદ્રનાં લાગે;
વિચારે જ્ઞેયના જ્ઞાને, જીવનની જ્યોત જાગે છે. ૧૦
છુપાયો કર્મ ભસ્મોથી, હતો ચૈતન્યનો અગ્નિ;
ફુંકે જો વાસના ત્યાગી, જીવનની જ્યોત જાગે છે. ૧૧

ફતેહચંદ ઝવેરભાઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સમાજની આધુનિક સ્થિતિ.

( ગતાંક પૃષ્ટ ૭૫ થી શરૂ. )

એમાં બેમત હોઇ શકેજ નહિ, કાર્યસિદ્ધિનો મૂળ મંત્ર કહીએ અગર તેના મુખ્ય નિયમો તરીકે ગણીએ તો.

**ઉન્નતિમાટે અમુક પ્રકારના ગુણો ધરાવવાની આવશ્યકતા છે.**

( ૧ ) અંતઃકરણમાં સ્ફુરેલા ઉચ્ચ વિચારોનો આચારમાં ઉતારવાનો દૃઢ સંકલ્પ.

( ૨ ) એ સંકલ્પ જ્યાંસુધી સિદ્ધ ન થાય ત્યાંસુધી તેને ચૂસ્તપણે વળગી રહેવા જેટલું મનોબળ–ધૈર્ય–ધીરજ.

( ૩ ) કાર્ય સાધતાં–દરેક કાર્યમાં કંઇ તત્કાળસિદ્ધિ–વિજય મળી જતો નથી, પરંતુ અનેક વિઘ્નોની સામે બાથ ભીડવી પડે છે, તેથી વિઘ્ન નિડરતા, એ ત્રણ વિજયના–કાર્યસિદ્ધિ ખરેખરા મુદ્દાઓ છે.

આ નિબંધ સમાજનો સડો શોધી તે દૂર કરવા માટેનો–અને જાગૃત કરવામાટેનો છે, તેથી આપણામાં સડો દાખલ થવાના કારણ વિચારી જોઇએ તો તે પૈકી ઉપરોકત ગુણોની ગેરહાજરી એ પણ એક કારણ છે. અહિં આપણા સામાજિક ધાર્મિક કે વ્યાવહારિક કાર્યોની સમાલોચના કરવાની આવશ્યક્તા નથી, પણ આપણે આરંભેલા ઉપરોકત પ્રકારના કાર્યોમાં દૃઢ સંકલ્પ, ધૈર્ય અને વિઘ્ન નિડરતા આદિ આદિ સદ્દગુણોએ આપણામાં દૃઢતાથી વાસ કર્યો છે, એ સિદ્ધ કરી બતાવ્યું છે ? કહેશો ? કાર્ય સિદ્ધિના વિજયના મંત્રો તરીકે એ ગુણોના માત્ર નામ આપણે અનેકવાર સાંભળ્યા હશે, પણ આચારમાં ઉતારી પ્રત્યક્ષ બાબતનો પ્રસંગ આવે ત્યાં આપણે સિંહવત્ નહિં કિંતુ શ્રગાલવત્–શીયાલ જેવા બની લમણે હાથ દેનારા થઇને બેસીએ છીએ તેમાં દોષ કોનો ? દોષ ? આપણો પોતાનોજ શું આ દોષ દૂર કરવા આપણે પોતે શકિતમાન નથી ? નાના એમ નથી. મનુષ્યાવતાર પુનઃ પ્રાપ્ત થવો દુર્લભ છે. એવું જ્ઞાની પુરૂષોનું કથન મિથ્યા નથી. એ તેમના અનુભવ નિશ્ચયનો લાભ લઇ આ મનુષ્યાવતારને ( પ્રમાદનું સ્થાન ન બનાવતાં ) સફળ કરવા કાર્ય સિદ્ધિના મૂળ મંત્ર તરિકે ઉપરોક્ત સદ્દગુણો ધારણ કરવા એ જૈન સમાજના આગેવાનોનું તો શું, પરંતુ પ્રત્યેક જૈનનું સુકર્તવ્ય છે, અરે ! કહેવા દો, મનુષ્ય માત્રનું કર્તવ્ય છે, જો એ તમે ચૂકયા તો તમારામાં અને પશુમાં શું અંતર છે? પરંતુ તેઓની અપેક્ષાએ તમારામાં જે વિશેષતા છે, તે વિવેકને પ્રગટ કરો, આત્મસ્વરૂપને જાણો, અને કાર્યસિદ્ધિનો મૂળ મંત્ર આચારમાં ઉતારો, તોજ તમે અપૂર્વ આનંદ પ્રાપ્ત કરશો, આયુષ્યની છેલ્લી ઘડીએ ઘણા મનુષ્યો જેમ પશ્ચાતાપ કરતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોવામાં આવે છે અને "મેં આ ન કર્યું" "મેં તે ન કર્યું" અરેરે! મારો જન્મ એળે ગુમાવ્યો" "હું મનુષ્ય જન્મ હારી ગયો" ઈત્યાદિ જે વિકલ્પો કરી દુર્ગતિમાં જાય છે, એ માર્ગ કાર્યસિદ્ધિ જાણનાર—આત્મસ્વરૂપ જાણનાર મનુષ્યને માટે નથી, માટે સમજી—વિચારી તમે મનુષ્ય છો, એ વાતને પુનઃ પુનઃ વિચારી દૃઢ કરી કાર્ય સિદ્ધિના મંત્રભૂત ઉપરોક્ત સદ્‌ગુણોને ધારણ કરવામાં પછાત ન રહો, સદ્‌ગુરૂનો આશ્રય લઇ તમારા કુટુંબી જનોમાં એ સદ્‌ગુણો પ્રથમથી જ દાખલ કરવાનું વ્રત લ્યો. નિયમ કરો, એ નિયમના ભંગને એક મહાન્ પાપ ગણો. બસ! તોજ તમારો ઉદય સાધ્યો સમજશો.

**યોગ્ય રૂપમાં સ્ત્રી કેળવણીની ગેરહાજરી એ આપણી આધુનિક સ્થિતિનું મૂળ કારણ છે.**

દીર્ઘ વિચાર કરી જોતાં જણાય છે કે, તમામ પ્રકારના સડાનું ચેપ લગાડતું પણ સમાજનું નાનુસુનુ જણાતું પણ આ એક ભયંકર દરદ છે. અને આ લેખકની માન્યતા મુજબ આ ભયંકર દરદે કોમમાં અનેક પ્રકારનાં ભયંકર દરદો વધારી દીધાં છે. આ હકીકત આપણે પ્રત્યક્ષ જોઈ રહ્યા છીએ. તેના પુરવા તરીકે આજના બાળકો, યુવાનો કે મોટીવયના મનુષ્યોનાં સંસ્કારો તપાસો, વિદ્વાન્ પુરૂષોએ કહ્યું છે કે, "એક સુશિક્ષિત માતા સો શિક્ષકની ગરજ સારે છે" એ કથન અક્ષરશઃ સત્ય છે. સૌથી પ્રથમ પાયો—ક્ષેત્ર—મૂળ જે કહો તે એક કેળવાયલી સુસંસ્કારી માતા છે. અને બાળકની ઉત્પત્તિ તેના દ્વારા છે. આજે આપણે આવી સંસ્કારી આદર્શ માતા લાવવી કયાંથી? આવી માતાઓ ઉત્પન્ન કરવાનું યંત્ર—સ્ત્રી કેલવણીની યોગ્ય પદ્ધતિને આપણે દેશમાં સ્થાન આપ્યું છે? નથી એમ કહેશો? ત્યારે ઉત્તમ માતાઓ ઉત્પન્ન કરવાને આપણે હક્કજ શો છે? બસ! અહિં જ મુશ્કેલી ઉપસ્થિત થાય છે. આપણા દેશમાં કન્યા કેળવણી માત્ર ૧૦ થી ૧૨ વર્ષની ઉમર સુધીજ લઈ શકાય છે. અર્થાત ત્યાંજ કેલવણીનો અકાળે અંત આવે જ્યારે કન્યા કંઇક—કર્તવ્ય—અકર્તવ્ય-વિવેક—અવિવેક, સદ્—અસદ્ વગેરે સમજવા શક્તિમાન થાય છે, ત્યારે આમ અકાળે અધવચમાંજ બંધ પડતી કન્યા કેળવણી ખરેખર કન્યાને—યુવતિ અવસ્થામાં કે સ્ત્રી અવસ્થામાં આવતાં પણ અર્ધદગ્ધ દશામાં રાખે છે. દુનીયા અને આપણી બીન કેળવાયલી કન્યા વચ્ચે આકાશ—પાતાલ જેટલું અંતર રહેવા પામે છે. આ અપૂર્ણ દશામાં રહી થયેલ સ્થિતિને લીધે એક સ્ત્રી મંત્રી, દાસી, માતા અને સુશીલ સ્ત્રી તરીકેની વિવિધ પ્રકારની ફરજ બજાવવા શીરીતે સમર્થ થાય? આજે મ્હોટે ભાગે હિંદુ સંસારમાં આ દશા દૃષ્ટિગોચર થાય છે. લેખકની નમ્ર માન્યતા મુજબ આખી ઓલાદની ઉન્નતિ અગર અવનતિનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધાર આ એક અતિ અગત્યના પ્રશ્નપર વિશેષ અવલંબી રહ્યો છે, આ ફરજમાં બે દરકાર રહેવાના પરિણામો આજે આર્ય સંસાર ભોગવી રહ્યો છે. એક નેપોલીયન જેવા વીરનરને કોણે ઉત્પન્ન કર્યો ઉત્તર—તેની માતાએજ બસ! આ પરથી એક સિદ્ધાંત ફલિત થાય છે કે, માતા જેવા સંસ્કાર પોતાના બીજ રૂપ બાળકમાં રોપે છે તેવીજ તેની સંતતિ થાય છે. તેમાં સંશય નથી. આ પરથી કન્યાઓ અને સ્ત્રીઓને પૂર્વ અને પશ્ચિમના દેશોની કેલવણીની પદ્ધતિનું પૃથકકરણ કરી હિંદને માટે કેવી કેલવણી યોગ્ય છે, તેનો પુષ્કળ વિચાર કરી તે કન્યાઓ અને સ્ત્રીઓને મ્હોટી વય સુધી આપવામાં આવે ત્યારેજ આ સડો દૂર થવો સંભવિત છે.

ઉપસંહાર.

ઉચિત થઇ પડશે કે, સડો દાખલ થવાનાં નાના મોટાં અનેક દ્વારો છે. તેમાં પણ મોટું દ્વાર "સ્ત્રી કેલવણીની યોગ્ય પદ્ધતિની ખામી" નું છે, આ ખામી દૂર કરવા પુષ્કળ ચર્ચા થવી જોઇએ, અને પરિણામે સ્ત્રી કેળવણી લીધા વગર કોઇ પણ સ્ત્રી ન રહેવી જોઇએ, એવો પ્રબંધ પાકે પાયે કરવો જોઇએ. સ્ત્રી કેલવણીપર કેટલાએક દીર્ઘદર્શી (!) લોકોનો એવો આક્ષેપ છે કે, "સ્ત્રી કેલવણીથી સ્ત્રીઓ બગડે છે. પરંતુ આ તેઓની દલીલ સ્વાર્થી દમ વગરની અને મૂર્ખાઇ ભરી છે. સ્ત્રી કેલવણી એ તો વસ્તુતઃ ઉત્તમજ છે. કેલવણી લેનાર સ્ત્રીને કોઇ કુસંગ લાગ્યો હોય અને પરિણામે કોઇ માઠું પરિણામ નજરે પડે તેથી કેળવણીપરનો આક્ષેપ તદ્દન સ્થાન વગરનો છે. સ્ત્રી કેલવણી વગર આપણો નિસ્તારજ નથી.

ઇત્યલં.

માવજી દામજી શાહ.

# સમાજ જીવનનું અધઃપતન.

પૂર્વકાળના જૈન જીવનનો જે આદર્શ ઇતિહાસ પોતાની નોંધ પોથીમાં સાચવી રહેલ છે તે અને વર્તમાન જીવનની પરિસ્થિતિનું અવલોકન કરતાં પ્રત્યેક સુજ્ઞ મનુષ્યને ખાતરી થયા વિના રહી નથી કે હાલનું સમાજ જીવન દિવસાનુદિવસ અધઃપતન પામતું જાય છે. 'કાળ પડતો છે, ભાવી આગળ નિરૂપાય છીએ' એ શબ્દો આવા પ્રસંગે નિર્બળતાના ખોટા આશ્વાસન લેવા સિવાય કશા પણ ઉપયોગ વગરના છે. કેમકે જૈન દર્શન હમેશાં ઉદ્યમ પ્રધાન પરિસ્થિતિને ડિંડિમ વગાડીને બહાલી આપે છે. પરમાત્માએ પણ કર્મોના જડ સ્વભાવ ઉપર સ્વાત્મબળ ઉદ્યમ વડે વિસ્તારી-કર્મોની ઉદીરણા કરી—પ્રત્યેક પ્રાણીએ સતત ઉદ્યમ કરતાં રહેવાનુંજ છે, તેવું શિક્ષણ પોતાની પછીના મનુષ્યોને પ્રકટ રીતે આપેલ છે. શાસ્ત્રમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રત્યેક સ્થળે ઉચ્ચ જીવનના દૃષ્ટાંતો નિરાશાને છોડી આશા અને ઉદ્યમનો સ્વીકાર કરતાં દૃષ્ટિગોચર થાય છે.

ખાસ કરીને વર્તમાન કાળે વ્યકિતગત ભોગસ્પૃહાનું પ્રમાણ વધી જવાથી તેમજ પરસ્પર કલેશનું વાતાવરણ વધવાથી સમાજ જીવન નષ્ટ થતું આવે છે. અત્યારે મનુષ્યો ખાનપાન–વસ્ત્રાભૂષણો તથા ગાડીઘોડા વિગેરે બાહ્યાડંબરનો ચમત્કાર બતાવી પોતાની મહત્ત્વતા જાહેર કરે છે. આથી શ્રીમંતો અને શ્રીમંતોમાંજ એવી મહત્ત્વાકાંક્ષાને લીધે વૈર વિરોધો છુપી રીતે ઉભા થાય છે. પરિણામ એ આવે છે કે શ્રીમંતોમાં ભોગની બહુલતા વધી જવાની સાથે જેઓ અશકત હોય છે તેઓને પણ પોતાની કીર્તિની રક્ષા માટે તેમની પાછળ પાછળ તણાવું પડે છે. મૂળ કારણ એ છે કે આપણા સમાજનું બંધારણ દેશકાળ પરિસ્થિતિને આશ્રીને હજી બદલાવા પામ્યું નથી. સાધારણ જન સમૂહના મોજશોખો અને જરૂરીઆતો વધી પડી છે.

જે સમાજમાં વિલાસપ્રિયતા પ્રવેશ કરે છે તે સમાજનું કલ્યાણ દૂર જતું જાય છે. જીવનયાત્રા સરલ બનાવવાને પૂર્વપુરૂષો જેવું જીવન ગાળતા હતા તે નષ્ટ પ્રાય થઇ ગયું છે; જરૂરીઆતોને ઓછી કરી મોજ શોખના આડંબરો તજી જે સમાજ પોતાની આસપાસના મનુષ્યોને તેવું શિક્ષણ આપ્યાં કરે છે તે સમાજ હમેશાં ઉચ્ચ દશાને પામતો જાય છે. મુસલમાન રાજાઓના વખતમાં ‘ નવાબી વિલાસો ’ જે અત્યારે પણ મોજ શોખના જીવડાંઓને દૃષ્ટાંત તરીકે યાદ આપવામાં આવે છે, તે સમયે પણ જૈન સમાજને કાંઇ પણ ધકકો લાગ્યો નથી–અસર થઇ નહોતી; તેનું કારણ દેશનું ધન દેશમાંજ રહેતું; તેથી આર્થિક સ્થિતિમાં કાંઇ ઘટાડો થતો નહિ. સમાજ વ્યવહાર અત્યારની પરિસ્થિતિ કરતાં બહુ વિશાળ હોવા છતાં ખંડિત થતો નહિ. તેમજ ધન ઉપાર્જનની ચિંતાઓએ અત્યારના જેવી મનુષ્યોમાં વ્યાકુળતા વધારી મૂકી નહોતી. ધનને અત્યારે જેમ એક પ્રબળ સાધન ગણવામાં આવે છે તેમ તે કાળે ધર્મની સર્વોત્તમ સાધનોમાં ગણના થતી હતી.

વિલાસો, મોજશોખો અને અયોગ્ય ઉડાઉ પણાને લીધે ‘ સામાજીક દુઃખો હદ ઉપરાંત વધી ગયા છે. પૂર્વકાળે દ્રવ્ય સામાન્ય જન સમાજના હિત અર્થે વપરાતું તે દ્રવ્ય આજે વ્યક્તિગત ભોગ તૃષ્ણાને ઉત્તેજન આપવા પાછળ ખરચાય છે. આનું પરિણામ એ આવ્યું છે કે ભોગવિલાસના જે સ્થાનો છે તે બહારથી સમૃદ્ધિશાળી બન્યા છે; સમાજ વધારે શ્રીમંત થવાની ગર્જના થઇ રહી છે. પણ વાસ્તવિક રીતે જીવન વ્યવહાર તપાસવામાં આવશે તો અંદરની ચિંતાઓ અગ્નિની માફક સળગી રહેલી જોવામાં આવશે. કેમકે એક તરફ દેવું ચુકવવાની ચિંતાએ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કીર્તિ અને આબરૂની રક્ષા પાછળ ધમાલ વિગેરે અનેક ઉપાધિઓથી તેઓ પરાધીન જીવનના અનુતાપો સહન કરતા છતાં આનંદ માનતા જણાય છે; આ રીતે ધનનો દુરૂપયોગ વર્તમાનકાળે સમાજ જીવન નષ્ટ થવાનું મુખ્ય હેતુ ભૂત છે.

ધનમાં અન્યનું હિત કરવાની શકિત છે; પણ જ્યારે તેનો બહોળો ઉપયોગ સ્વાર્થ કે આડંબરમાં થાય છે ત્યારે તે સમાજનું કલ્યાણ નહિ કરતાં દુઃખ ઉત્પન્ન કરે છે. સ્પૃહાઓ વધતી જતી હોવાને લીધે આધ્યાત્મિક જીવન ભૂલાઈ ગયું છે. જે જે ધાર્મિક ક્રિયાઓ પર્વદિવસે કરવામાં આવે છે તેની માત્ર આચાર તરીકે–પ્રણાલિકા તરીકે–કિંમત આંકવામાં આવે છે; એટલુંજ નહિ પરંતુ તે ઉચ્ચ અને કાર્યસાધક હોવા છતાં જનસમાજને તેમાં રસમય રાખવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસારે સમાજના નેતાઓ કરી શકયા નથી. આથી સમાજ **ज्ञानक्रियाभ्यां मोक्षः** એ સૂત્રનો આશય લગભગ ભૂલી જવા પામ્યો છે. આથી સમાજમાં ખાસ કરીને નવયુવકોમાં પ્રતિદિન ક્રિયા ઉપરથી શ્રદ્ધા કમી થતી આવે છે, એટલુંજ નહિ પણ તે તે ક્રિયાઓને હાસ્યાસ્પદ બનાવવા સુધીનો પણ પ્રસંગ આવી ચૂકયો છે.

સ્વાર્થ તત્પરતા અને વિલાસ પ્રિયતાને લીધે જે જે ધાર્મિક ક્રિયાઓ 'આચાર' તરીકે પણ માત્ર પર્વદિવસે જેઓ કરતા હોય છે તે પછીના દિવસોમાં વર્તનને વિશુદ્ધ બનાવવા માટેના વિચારો કદી પણ સેવન કરતા નથી, કેમકે તેમની ક્રિયા માત્ર તેજ દિવસને માટે હોય છે. જે ક્રિયા જીવનનો એક ભાગ તરીકે હમેશાં રહેવી જોઇએ તેમ નહિ બનતાં માત્ર ફોનોગ્રાફની ચાવી તુલ્ય થઇ રહી છે. આ રીતે સમાજ સ્વાર્થમાં જ્યારે સંપૂર્ણ રીતે ઓતપ્રોત થાય ત્યારે તેની ઉન્નત સ્થિતિની કલ્પના કયારે થાય ?

બીજી તરફ સમાજમાં વ્યક્તિગત દ્વેષ અને વૈરનું પ્રમાણ શબ્દની પરંપરા દ્વારા વધતું જાય છે. નવયુવકો અને વૃદ્ધોની વિચાર ભૂમિકાનું અંતર પ્રતિદિન વધતું રહ્યું છે. તેનું કારણ નવયુવકોના વિચારોને ઉચ્છૃંખલ ગણી રીતસર દલીલથી નહિ તોડતાં શબ્દપ્રહાર અને કટુવાણીથી તેનો તિરસ્કાર કરવામાં આવે છે. યુવકો પણ પૂર્વની પ્રણાલિકા અને નિઃસ્પૃહ ઉપકારી સજ્જનોના વાકયની માત્ર તર્કવાદને આગળ કરી એકદમ અવગણના કરી મૂકી સમાજમાં નાહક શોરબકોર કરી મૂકે છે તે પણ સમાજનું દુર્ભાગ્ય છે. પોતાના વિચારોને પોતાના અંતઃકરણના અવાજરૂપે માની શાસ્ત્ર વચનને બાજુએ રાખી વિદ્વત્તા અને વકતૃત્વની પરીક્ષા પસાર કરવામાં બહાદુરી માની છે ! વિચાર સ્વતંત્રતા અને વિચાર સ્વચ્છંદતાની લડાઇ શરૂ થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૂકી છે. આ બંનેનું અંતર કેમ ઘટે અને તેમની વિચાર ભૂમિકાની રેખા સરખી દષ્ટિબિંદુમાં કેમ મળી જાય તેવી યોજના કરવાની જવાબદારી સુજ્ઞ મનુષ્યો તરફ આવી પહોંચી છે. નહિ કે તે અંતર પ્રતિદિન વધતું જતાં સમાજ જીવન છિન્નભિન્ન સ્થિતિમાં અસાધ્ય થઇ પડે. જ્યારે સમાજ જીવનમાંથી વિલાસપ્રિયતા અને કલેશમય, વાતાવરણ, દૂર કરવાની વૃત્તિ સમાજના નેતાઓમાં જવલંત થશે. અને તેને માટે ડહાપણથી પ્રયત્ન કરવામાં આવશે ત્યારે જ સમાજનું પતન થતું અટકશે.

ફતેહચંદ ઝવેરભાઇ.

# એક ખુલાસો.

આ માસિકના વાચકવર્ગને એકબીના હમેશને માટે પેપરના સામાન્ય ધોરણ–રૂલ મુજબ યાદ રાખવાની નમ્ર સૂચના કરીયે છીયે કે, આ માસિકમાં જે લેખો કોઇ પણ સહી સાથેના હોય, અથવા તે નીચે નામ કે કાંઇ પણ સંજ્ઞા હોય તેવા લેખો માટે, કે તેમાં આવતા કોઇ પણ વિચારો માટે આ સભા જવાબદાર નથી, તેમજ તે માંહેના વિચારો સભાના છે તેમ માનવાનું નથી, જેમ કે ગયા માસના અંકમાં "દેવદ્રવ્ય સંબંધી ચાલતી ચર્ચા" એ નામનો એક લેખ પાને ૭૫ થી ૮૦ સુધીનો છે. કે જેની નીચે ( I. A. ) આઇ, એ. આવી ઇંગ્રેજી સંજ્ઞા નામવાળો લેખ તે નામવાળા લેખકનો હોઇ ઉપર મુજબ પેપરના સામાન્યરૂલ પ્રમાણે તે માંહેના વિચારો તે લેખકના અંગત પોતાના હોઇ તે માટે તે લેખક જવાબદાર છે, જેથી તેની સાથે સભાને બીલકુલ સંબંધ નથી અને સંમંત્ત નથી અને આવી ચર્ચાવાળા કાર્યમાં આ સભા પડવા માંગતી નથી પરંતુ સભા તટસ્થ રહે છે. પેપરમાં આવતા ઘણી વખતના લેખકોના લેખો માટે તે લેખક જ જવાબદાર હોય છે. છતાં સમાજ કોઇ વખત આડે રસ્તે ન દોરવાય માટે આટલો ખુલાસો જણાવવામાં આવ્યો છે.

સેક્રેટરી,

( માસિક કમીટીના હુકમથી )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

**શહેર બાલી–મારવાડમાં પન્યાસ પદવી અને દિક્ષા મહોત્સવ.** કારતક વદી ૩ ના રોજ આ શહેરમાં ઓશવાળ જ્ઞાતિના બંધુઓ કપુરચંદભાઇ તથા ગુલાબચંદભાઇએ શ્રીમદ્ વિજયાનંદ સૂરિ ( આત્મારામજી ) મહારાજના પ્રશિષ્ય વિદ્દદ્વર્ય શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજના હસ્તક દીક્ષા અંગીકાર કરી છે. પ્રથમ ભાઇનું નામ શ્રી દેવેંદ્રવિજયજી મહારાજ અને મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજના શિષ્ય મુનિ શ્રી વિવેકવિજયજીના શિષ્ય પંન્યાસ શ્રી ઉમંગવિજયજી મહારાજના શિષ્ય કરવામાં આવ્યા છે. બીજા બંધુનું નામ શ્રી ઉપેંદ્રવિજયજી મહારાજ રાખવામાં આવ્યું છે. અને તેમને શ્રી વિદ્યાવિજયજી મહારાજના શિષ્ય કરવામાં આવ્યા છે.

કારતક વદી ૫ ના રોજ શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજના મુખ્ય અને વિદ્વાન શિષ્ય **શ્રી લલિતવિજયજી મહારાજ** તથા મુનિરાજ **શ્રી વિદ્યાવિજયજી** તથા તેમના શિષ્ય **ઉ·રાંગવિજયજી મહારાજ ને પન્યાસજી શ્રી સોહનવિજયજી** ગણીના હાથે પંન્યાસ પદવીઓ અર્પણ કરવામાં આવી છે.

આ પ્રસંગે અઠ્ઠાઇ મહોત્સવ વગેરે બીજી પ્રસંગને અનુસરતી ધાર્મિક ક્રિયાઓ થઇ હતી. મારવાડમાં આ મહોત્સવ થયેલો હોવાથી મારવાડી બંધુઓ ઘણા એકત્રીત થયા હતા અને ઘણો હર્ષ તેઓને થયો હતો. પંન્યાસ પદવી આરોહણ વખતે પદવીધર મહાત્માઓને પછેડીનો શ્રીસંઘ વરસાદ વર્ષાવતા હતા પરંતુ થોડા વર્ષ પહેલાં રતલામ શહેરમાં શ્રીમાન્ હંસવિજયજી મહારાજ તથા પંન્યાસજી શ્રી સંપત્તવિજયજી મહારાજ કરેલ કાર્યનું અનુકરણ કરી ફક્ત શ્રી સંઘ તરફથી એક એક કપડું સુપ્રત કરવામાં આવ્યું, પરંતુ તેનું ઉપજેલ ૯૬ મણુ ઘી જે થયું તે જીવદયામાં વાપરવાનો પ્રથમથી શ્રી સંઘે ઠરાવ કર્યો હતો. બીજા જૈન બંધુઓને ચાદર ઓઢાડવી હોય તો તેને બદલે પોતાની ઇચ્છા મુજબ કાંઇ પણ રકમ જીવદયામાં આપવામાં આવી હતી. આવા શુભ કાર્ય પ્રસંગે આવી પેદાશનો સમયને અનુસરતા અને જરૂરીયાતવાળા કાંઇ પણ ખાતામાં તેનો વ્યય કરવો એ દરેક ગામના શ્રીસંઘ અને જૈન બંધુઓનું કર્તવ્ય હોઇ તે ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે. આ ગામમાં ઓશવાળ અને પોરવાડના મળી તડ ત્રણ ઘણા વખતથી હતાં અને સાથે બેસી જમતા પણ નહોતા. તે પચીશ વર્ષે આ પ્રસંગે સ્વામીવાત્સલ્યમાં સાથે બેસી પ્રીતિ ભોજન કર્યું હતું; અને કાયમનો કલેશ દૂર કરવા મહારાજ શ્રી વલ્લભવિજયજી મહારાજના ઉપદેશથી ફેસલો આપવા દરેક તડવાળાએ લખી આપેલ હોવાથી કલેશ પણ દૂર થશે. ખરેખર કર્તવ્ય કરવા જેવું આ પણ છે.

અમદાવાદ શહેરમાં માંડવીની પોળમાં લાલભાઇની પોળના ઉપાશ્રય કે જ્યાં હાલ પંન્યાસજી શ્રી લાભવિજયજી ગણી બીરાજે છે, ત્યાં મુનિરાજ શ્રી ખાન્તિવિજયજીએ વ્યાખ્યાનમાં આંબીલ વર્ધમાન તપ સંબંધી વિવેચન કર્યું હતું. જેથી આ શહેરમાં આંબીલ વર્ધમાન તપ સંબંધી બે વર્ષથી ખોલવામાં આવેલ ખાતામાં તે પોળના રહેનાર શાહ લલ્લુભાઇ ધનજીએ તેનો લાભ લેવા સારૂ રૂા. ૧૦૦૧) એક હજાર એક ને ખાતાની કમીટીને ભેટ કર્યા છે. લલ્લુભાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનજી શાહ સામાન્ય સ્થિતિના હોવા છતાં આવી એક રકમ આ ખાતાને આપી ખરેખરી ઉદારતા બતાવી છે જેથી તે ધન્યવાદને પાત્ર છે. આ ખાતાની કમીટી છે, તેની વ્યવસ્થા સારી રીતે ચાલે છે. તેના સેક્રેટરી શા. હીરાચંદ કકલભાઇ હોઇ તે અમોને ઉપર મુજબ લખી જણાવે છે.

# ગ્રંથાવલોકન.

**૧ ગુણસ્થાન ક્રમારોહ ( મૂળ તથા હિંદી અનુવાદ સાથે )** આ ગ્રંથના હિંદી અનુવાદ કર્તા શ્રીમાન્ વિજયાનંદ સૂરિ ( આત્મારામજી મહારાજ )ના પરિવારના મંડળના **મુનિ શ્રી તિલકવિજયજી પંજાબી** છે. તેઓ હિંદી અનુવાદ બહુ સારૂં કરે છે આવી રીતે પરિશિષ્ટ પર્વનું પણ તેઓશ્રીએ ભાષાંતર કરેલ છે. શ્રી આત્મતિલક ગ્રંથ સોસાઇટીએ પ્રસિદ્ધ કરેલ છે. ગુણસ્થાનનો વિષય જાણનાર માટે બહુ ઉપયોગી ગ્રંથ છે. કિંમત બાર આના. અમદાવાદ–રતનપોળ પ્રસિદ્ધ કર્તાને લખવાથી મળી શકશે.

## શ્રી જૈન શ્વેતાંબર સુંદરબાઇ ઓસવાલ મહિલાશ્રમનો રીપોર્ટ–ઇંદોર.

આ મહિલાશ્રમ શહેર ઇંદોર–માળવામાં શેઠ સાહેબ નથમલજી ગંભીરમલજી કુલભૂષણ શેઠ **બાલચંદજી** છાજેડ તરફથી પોતાની માતુશ્રી શ્રીમતી સુંદરબાઇની ધર્માકાંક્ષા પૂર્ણ કરવાના હેતુથી આ સંસ્થા ગયા વર્ષમાં ખોલવામાં આવી છે. વર્તમાન સમયમાં સ્ત્રી કેળવણી, સ્ત્રી હુન્નર ઉદ્યોગ શાળાઓની જ્યાં જરૂરીયાત છે તેને માટે જ્યાં દરેક પ્રજા જરૂરીયાત જોવે છે બોલે છે તેવા સંયોગમાં આ મહિલાશ્રમનો જન્મ ઇંદોર જેવા મોટા શહેરમાં થયો તે ખરેખર આવકારદાયક છે. શરૂઆતમાં એક અધ્યાપિકા અને ૩૫ કન્યાઓથી શરૂઆત થયેલી હતી, જે હાલમાં ચાર અધ્યાપિકાઓ તેમજ મોટી ઉમરની સ્ત્રીઓ અને કન્યાઓ મળી હાલ ૧૫૦ ની સંખ્યા આ મહિલાશ્રમનો લાભ લે છે. અભ્યાસમાં હિંદી સાહિત્યનો અભ્યાસ અને ધાર્મિક પાંચ કર્મગ્રંથ સુધીનો અભ્યાસક્રમ રાખવામાં આવેલો છે. આ મહિલાશ્રમ ( સ્કુલ ) ચલાવવા માટે શેઠસાહેબ બાલચંદજી સાહેબે પ્રથમ એક લાખ રૂપૈયાની સખાવત કરી છે. તેના વ્યાજ ઉપરાંત પણ ખર્ચ આપવાનું ઉક્ત શેઠ સાહેબે જણાવ્યું છે. આવા પરોપકારી દાનવીર નરરત્નોને મળેલ ઉત્તમ લક્ષ્મીનો આવી રીતે કેળવણી જેવા ખાતામાં થતો સદ્ઉપયોગ જોઇ સૌ કોઇ ખુશી થાય તેમાં નવાઇ જેવું નથી. તેથી તેમજ આ ખાતામાં રસભર્યા અને લાગણીપૂર્વક ઉક્ત શ્રીમાન્ શેઠ સાહેબ પૂર્ણ ભાગ લઇ તપાસ લે છે તે જોઇ અમો તેમને ધન્યવાદ આપીયે છીયે અને તેમની તેવી કાળજીથી આ મહિલાશ્રમ દિવસાનુદિવસ આબાદ અને ઉન્નત થશે તેમ પણ સંપૂર્ણ આશા રાખીયે છીએ. જે શ્રીમતી બ્હેનના નામથી સંસ્થા છે તેમની આજ્ઞાનુસાર શ્રીમતી સૌભાગ્યવતી જડાવબાઇ આ મહિલાશ્રમનો દરેક પ્રકારે પ્રબંધ કરે છે જે જાણી વધારે ખુશી થવા જેવું છે. શેઠ સાહેબ બાલચંદજી સાહેબની ઇચ્છા જેમ ધર્મ સંબંધી શિક્ષણ આપવાની ઉત્કટ છે તેમ જૈનની સંસ્થા છતાં કોઇપણ પ્રકારનો જાતિભેદ રાખવામાં આવ્યો નથી તેમજ જૈનેતર કન્યાઓ ધર્મશિક્ષણ સિવાય નાગરી તેમજ ઉદ્યોગી શિક્ષણ પ્રાપ્ત કરતી હોવાથી તેમને તેવી રીતે પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિક્ષણ આપવામાં આવતું હોવાથી ઉદારતા તથા દાનશીલતા શેઠ સાહેબમાં જણાય છે. સર્વ રીતે આ સંસ્થા આવકારદાયક હોઇ અમો તેની ભવિષ્યમાં સંપૂર્ણ આબાદી ઇચ્છીએ છીએ.

## શ્રી હંસવિજયજી જૈન લાઇબ્રેરી અમદાવાદનો સં. ૧૯૬૬ કારતક શુદ ૧૩ થી સં. ૧૯૭૫ ના કારતક શુદ ૧૩ સુધી નવ વર્ષનો રીપોર્ટ. ( સરવૈયા સાથે )

અમોને અવલોકન માટે મળ્યો છે. સં. ૧૯૬૫ની સાલમાં ઉકત મહાત્મા આ શહેરમાં ચાતુર્માસ રહેલા જે વખતે તેમના મુખ્ય શિષ્ય શ્રીમાન પંન્યાસજી મહારાજ **શ્રી સંપત્તવિજયજી** મહારાજે ધાર્મિક કેળવણીની અગત્યતા માટે બોધ કરેલો, તે વખતે આ શહેરના લુણસાવાડાના જૈન સમુદાયે ઉપરના ઉકત મહારાજના ઉપકારના સ્મરણ નિમિત્તે તેમજ ઉકત પંન્યાસજી મહારાજના ઉપદેશથી આ સંસ્થાનો જન્મ આપવામાં આવ્યો છે. ત્યારબાદ તેના ધારા ધોરણ નકી કરી તેનું બંધારણ કરવામાં આવ્યું હતું. અમદાવાદ શહેરના આ વિભાગમાં વાંચનાલયની જે ખોટ હતી તે આથી પૂરી પડી છે. તેના કાર્યવાહકો તેમજ સેક્રેટરી જેસીંગભાઇ છોટાલાલ સુતરીયા તેમજ શા. મોહનલાલ છોટાલાલ પાલખીવાળાના શુભ અને લાગણી યુકત પ્રયાસથી નવ વર્ષમાં આ સંસ્થાને સારી સ્થિતિ ઉપર મુકવામાં આવી છે. સાથે કેટલાક ઉપયોગી ગ્રંથો પ્રસિદ્ધ કરી ઓછી કિંમતે અને વગર કિંમતે આપવાનો શરૂ કરેલો પ્રયાસ પણ ઉત્તમ છે. બંધારણ પૂર્વક કાર્ય કરતી આ સંસ્થાનો અમે અભ્યુદય ઇચ્છીએ છીએ.

## શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાઇબ્રેરી વડોદરા. નો બીજો વાર્ષિક રીપોર્ટ. ( સરવૈયા સાથે )

અમોને મળ્યો છે. ઉકત મહાત્માના સુશિષ્ય પન્યાસજી **શ્રી સંપત્તવિજયજી મહારાજ** અને મુનિરાજ **શ્રી કર્પૂરવિજયજી મહારાજ**ના સ્તુત્ય પ્રયાસથી સં. ૧૯૭૩ની સાલમાં આ સંસ્થાનો જન્મ થયો છે. વડોદરા શહેરના મુખ્ય લતામાં આ લાઇબ્રેરી હોવાથી જૈન અને જૈનેત્તરને વાંચનનું એક ઉપયોગી સાધન થઇ પડયું છે, તેટલુંજ નહિ પરંતુ રીપોર્ટ વાંચતા માલમ પડે છે કે તેની દિવસાનુદિવસ પ્રગતિ પણ સારી થતી જોવામાં આવે છે તે તેના કાર્યવાહકોને આભારી છે. મેમ્બરોની સંખ્યા તેમજ બુકોની વૃદ્ધિ આ બે વર્ષમાં સારી થઇ છે સાથે ધીમે પગલે ઉપયોગી ગ્રંથ પ્રસિદ્ધિના કાર્યની પણ શરૂઆત થયેલી જોવામાં આવે છે. આ સંસ્થાનો જન્મ આપનાર જૈન છતાં કોઇપણ માટે તે ખુલ્લી જ છે. વડોદરા જૈન સમુદાયમાં જેમ આ સંસ્થા પૂર્ણ માન પામેલી છે તેમ વડોદરાની પ્રજામાં તે આવકારદાયક જલદી થાય તેમ અમો ઇચ્છીયે છીએ. ઉદાર વિચાર અને કાળજીપૂર્વક કાર્ય કરનારા કાર્યવાહકોની સારી દેખરેખ હોવાથી તે ભવિષ્યમાં વધારે આબાદી અને ઉન્નતિવાળી થાઓ એમ અંતઃકરણથી ઇચ્છીયે છીયે.

## પુસ્તક પહોચ.

૧ પર્યુષણાષ્ટાન્હિક વ્યાખ્યાન
૨ દીક્ષાવિધિ તથા વ્રતવિધિ. શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા—ભાવનગર.

તરફથી ભેટ મળ્યા છે જે આભાર સાથે સ્વીકારીયે છીયે. તે ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી પ્રસિદ્ધ થયેલ આ બંને પ્રતો પોસ્ટ ખર્ચના બે આના મોકલવાથી સાધુ—સાધ્વી મહારાજ જ્ઞાન ભંડારને ભેટ મોકલવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે, વર્તમાન સમયમાં ધર્મના આવા સારા સારા ગ્રંથો પ્રસિદ્ધ કરી-કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે. વળી બહોળા પ્રમાણમાં તેના છપી મુનિમહારાજાઓ, સાધ્વીમહારાજ અને જ્ઞાનભંડાર વિગેરેને ( વગર કિંમતે ) ભેટ અપાય છે. સહાય આપનારને તે લાભ સાથે તેનો જે ફો આવે તે તેવાજ જ્ઞાનખાતામાં ઉપયોગ થાય છે જેથી લાભ લેવા જેવું છે.

## જાહેર ખબર.

જુનાગઢ શહેરમાં જૈનશાળા અને મુનિઓ માટે સંસ્કૃત તથા માગધી ભાષાનું સારૂં જ્ઞાન ધરાવનાર સારા પંડિતની જરૂર છે.

માસિક પગાર યોગ્યતા પ્રમાણે આપવામાં આવશે.

સર્ટીફીકેટો સાથે અરજી નીચેને સીરનામે મોકલવી.

જુનાગઢ, | સેક્રેટરી—ડાહ્યાલાલ હુકમચંદ,
શ્રી જૈન આત્માનંદ લાયબ્રેરી.

## શ્રીમદ્ દેવચંદ્ર ભાગ-બીજો.

જેમાં વિચારસાર, અધ્યાત્મગીતા, દ્રવ્યપ્રકાશ, બે ચોવીશીઓ, વીશી, ચાર પૂજાઓ, સ્તવનો, સઝાયો વિગેરેનો સંગ્રહ છે. કુલ પૃષ્ટ ૧૨૦૦ પાકું-સળંગ છીંટનું પુંઠું સોનેરી નામ સાથે, કીંમત રૂા. ૩-૮-૦

મળવાનું ઠેકાણું—વકીલ મોહનલાલ હીમચંદ.
પાદરા-(ગુજરાત).

## જૈન બંધુઓને ખાસ સૂચના.

આપણા મંદિરોમાં ઉપયોગમાં આવે તેવી શુદ્ધ વસ્તુઓ જેવી કે-કેસર, કસ્તુરી, અમ્બર, બરાસ, મોમ્માઈ, ગોરૂચંદન, શીલાજીત, સોના-ચાંદીના પાના, દશાંગી ધુપ, અગરબતી વીગેરે માલ કીફાયત ભાવે મળશે. ભાવને માટે પ્રાઇસંલીસ્ટ મંગાવો.

શા. ફુલચંદ ગોપાળજી,
હેરીસ રોડ—ભાવનગર.

## આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧ | શેઠ સાહેબ કન્હીયાલાલજી જૈની. | રે૦ કસ્તલા-મીરઠ. | પે૦ વ૦ લાઇફ મેમ્બર. |
| ૨ | કાપડીયા મોતીચંદ ગિરધરલાલ સોલી૦ | રે૦ ભાવનગર, હાલ-મુંબઇ. | ,, ,, ,, |
| ૩ | શેઠ કેશવલાલ સોમચંદ મુંબઇ | | ,, ,, ,, |
| ૪ | વોરા જુજલાલ તારાચંદ. | રે૦ ભાવનગર. | ,, વાર્ષિક ,, |
| ૫ | શા. ન્યાલચંદ જાદવજી. | રે૦ ઘાટકોપર-મુંબઇ. | ,, ,, ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્યનિષ્ટા.

"જડ અને ચેતન એ ઉભય પદાર્થોમાં મૂળ શું સત્ય ઓતપ્રોત થયેલું છે તે શોધવાનો પ્રયાસ ઘણા પ્રાચીન કાળથી થતો આવ્યો છે. આપણા આર્ય શાસ્ત્રકારોએ શાસ્ત્રોમાં તેવી શોધોને મહત્વની ગણી ખાસ વર્ણવેલી છે. જડ સોનાની શુદ્ધતા શોધવાને તેને પુનઃ પુનઃ તાપમાં નાંખવામાં આવે છે તેમ ચેતનવાળા મનુષ્યની શુદ્ધતા તપાસવાને અનેક પ્રકારનાં દુઃખો—તન અને મનનાં દુઃખો—વડે તેને તપાસવામાં આવે છે, અને જે એ કસોટીમાંથી પાર ઉતરે છે તેને સત્ય, શુદ્ધ માનવામાં આવે છે. દુનિયાના ઇતિહાસમાં જુદે જુદે પ્રસંગે મનુષ્યોની કસોટી થયેલી જોવામાં આવે છે. જ્યાં જ્યાં મનુષ્યો પરસ્પરના વ્યવહારમાં જે જે પ્રકારે હૃદયના જુદા જુદા ભાવોનાં રહસ્ય માન્યાં ત્યાં ત્યાં તે તે ભાવો કેટલે અંશે કસોટીમાંથી પાર ઉતરે છે તેની પ્રકૃતિએ કસોટી કરેલી છે. જે જે પુરુષોએ પોતાના હૃદયના માનેલા ભાવોને સત્યમાની તેના યથાર્થ નિર્વહણને અર્થે પોતાના અત્યંત પ્રેમવાળા સંબંધનો ભોગ આપ્યો છે, પોતાના પ્રાણની પણ પરવા રાખી નથી તે તે પુરુષો દુનિયામાં મહાન દેવી તરીકે આજે પૂજાય છે. હિન્દુઓનાં શાસ્ત્રો એમ કહે છે કે જેઓ સત્યનિષ્ટ છે તેઓ મન, વાણી અને કર્મથી ધારે તે કરી શકે છે. સત્યનાં બળપર ઝઝુમનારાને વશ દૈવી શક્તિઓ પણ રહે છે. તેઓનું સત્ય મનથી એક, વાણીથી બીજું, અને કર્મથી ત્રીજું હોઇ શકતું નથી. એવાને તો શાસ્ત્રો સ્પષ્ટ રીતે દુરાત્મા ગણે છે. જે આ ત્રણમાંથી એકનો પણ વિરોધી હોય તે સત્યનિષ્ટ હોઇ શકે નહિ. હૃદયથી માન્યું, વાણીથી ઉચ્ચારાયું, અને તેજ પ્રમાણે સદા સર્વત્ર કર્મથી થયું તે સત્ય છે. હૃદયથી એમ માન્યું કે પિતાની આજ્ઞા પાળવી તે પરમ ધર્મ છે, હૃદયથી એમ માન્યું કે મારૂં ચારિત્ર્ય શંકાથી રહિત હોવું જોઇએ, હૃદયથી એમ માન્યું કે મારો પ્રેમ એક જ સ્ત્રીને અપાયો છે, તો પછી એ માન્યતાને વચન અને કર્મને અનુકૂળ કરવી જ જોઇએ......મન, વાણી અને કર્મથી સતીઓએ શિયળને શ્રેષ્ટ માન્યું અને તેથી એટલું બળ પ્રાપ્ત કર્યું કે તેમને અગ્નિ સ્પર્શી શકતો નથી, મોઢેથી તે જે બોલે તે ફળતું હતું, અને શિયળની કિંમત પ્રાણ કરતાં પણ શ્રેષ્ટ ઠરી હતી. ભક્તોએ કેવળ મોઢેથી જ ભક્તિ પ્રેમને શ્રેષ્ટ માન્યો નથી, પણ હૃદયથી માન્યો છે, તેમણે તે પ્રમાણે કર્મો કર્યાં છે અને તેથી તેઓનો ઉદ્ધાર થયેલો મનાય છે. સત્યને વશ મન, વાણી અને કર્મ છે; સત્ય તેમને વશ નથી. સત્યનો આગ્રહ, સત્ય માટે આગ્રહ પોતાનાં મન, વાણી અને કર્મથી બંધાવો જોઇએ.—તે પારકાનાં કથનપર, અન્યને હાનિ થશે કે લાભ થશે તેની ઉપર આધાર રાખતો નથી. સત્યના આગ્રહીને પોતાના આત્માને સંતોષવાનો છે; તેઓને રાજા, રંક, મિત્રો, દેશ બાંધવો સર્વે સરખાં છે, અને તેમને સંતોષવાને માટે પોતાના સત્યને શિથિલ કરવાનો નથી તો પછી તેનો ભોગ તો ક્યાંથી આપી શકાય ?"

'ગુજરાતી' તા. ૧૦–૯–૧૯

For Private And Personal Use Only